# વિવેચન પૂર્વકનાં અધ્યાત્મ પદોનાં પ્રકાશન અવસરે શુભ સંદેશો

– આગમ દિવાકર પૂ. જનકમુનિજી મ. સા.

આ યુગે આ સંસારને અનેક સંતો શુરાઓ અને આધ્યાત્મ પુરુષોની ભેટ આપી છે. આવા યુગદ્રષ્ટાઓમાં લગભગ ૨૦૦ વર્ષ પૂર્વે એક મહાન અદ્‌ભુત અને અવધૂત પુરુષની ભેટ આપી. તે મહાન આત્માનું મંગલમય ધન્ય નામ છે. આનંદઘનજી મહારાજ.

સોરઠ દેશ તે સમયનાં જુનાગઢ શહેરથી નજીકમાં ઉના ગામ છે ત્યાં બનેલ ઘટનાએ તે ઓ શ્રીમાં આધ્યાત્મનાં અદ્‌ભુત તે જ પુર્યાં, જંગલનો એકાંત માર્ગ સ્વીકાર્યો, છતાં પણ પોતાના અમૂલ્ય સમયનો આ સંસારને પોતાના પદ રચનાઓ આપતા ગયા, પોતાનાં આયુષ્યના અંતિમ સમયે જંગલનાં એક માણસને તે સર્વ સ્તવનો આપી ને કહેલ કે કોઈ સારા જૈન મુનિને પહોંચાડજે.

**Anubhav Ras - 1**

આ પદોનું અર્થ ગાંભીર્ય સામાન્ય માણસ ને માટે સુલભ નથી. આ એક મોટી કઠિનતાથી બચવા માટે ડો. શ્રી જશુબાઈ મહાસતીજીએ જે રહસ્યોદ્‌ઘાટન કરેલ છે તે સ્તુત્ય છે. મારા જ સહદીક્ષિત એવા શ્રી જશુબાઈ મ. ના કરકમલે તૈયાર થયેલ આ વિવેચન જોઈને હું ગૌરવ અનુભવું કે આશીર્[illegible] છે. શાસનને ચરણે ધરાતો આ ગ્રંથ સૌને શ્રેય માટે બનો તેવી પ્રાર્થના...

**અનુભવ રસ - ૧**

**પ્રકાશક**

આદરણીય ગુરુણીશ્રીના શુભ ચરણોમાં ગ્રંથનુ પ્રકાશન થાય છે તે સમયે મારી હાર્દિક શુભેચ્છા છે.

૨૦૩૦





# શુભેચ્છા સંદેશ

જાગેલો – પામેલો જંગલનો જોગી, જેને આત્મામાં ઘન બનેલા આનંદનો અનુભવ છે. એટલે તેઓશ્રી પોતે જ પોતાના આત્માને ગુણથી સંબોધન કરી કહે છે – 'આનંદઘન'. આ નામ તેઓના જન્મનું કે શરીરનું નથી, આત્માનું છે, ગુણવાચક નામ છે.

– અધ્યાત્મ યોગિની પૂ. લલિતાબાઈ
મહાસતીજી – પૂ. બાપજી

અધ્યાત્મ યોગી આનંઘનજી એક ઉચ્ચ કક્ષાના આરાધક તથા સાધક મહાપુરુષ હતાં. તેઓ ભક્તિરસથી ભરેલા અમૃત કુંભ હતાં. તેઓની રચના પદ રૂપે હોય કે ચોવીસીના સ્તવન રૂપે હોય; તે બધામાં તત્ત્વ –બોધ, ભક્તિ અને ભાવનો રસ ટકતો હોય છે. તેઓશ્રીનાં પદ અને સ્તવનો પર સ્થિરતાથી ને ઊંડાણપૂર્વક વિચાર કરીએ છીએ તો લાગે છે કે, આ રચનામાં ખાસ તો સ્વ–હિતનું જ લક્ષ્ય છે.

જેમ નદી સમુદ્રને મળવાના લક્ષ્યથી તે તરફ દોડી જ જાય છે. તેના પાણીનો ઉપયોગ પોતાની મલિનતા દૂર કરે છે અને તૃષાને પણ શાંત કરે છે, છતાં નદી એ જોવા ઊભી નથી રહેતી કે કોઇ મારુ પાણી વાપરે છે કે નહીં. તેને આવી કોઈ અપેક્ષા હોતી નથી. તેને તો લગની છે સમુદ્રને મળવાની તેમ આનંદઘનજીને પણ લોકોની પ્રશંસાની કે અન્ય કોઈ અપેક્ષા હતી નહીં. તેમને તો માત્ર તડપ હતી આત્માનુભૂતિની.

જેમ આ આધ્યાત્મિક પદો રચનારનું લક્ષ્ય સ્વ હિત જ હતું, તેમ

એ પદોના યથાશક્તિ અર્થ–ભાવાર્થ લખનાર બા. બ્ર. જશુબાઈ સ્વામીનું ધ્યેય પણ સ્વ–પર હિત અને કલ્યાણ સાધના જ છે, તે નિઃસંશય સમજી શકાય તેવું છે. તેમનો આ ગ્રન્થ 'અનુભવ રસ' એ ભાવ અને ધ્યેયની ફલશ્રુતિ છે.

આ લખતાં–લખતાં, સંશોધન કરતાં – કરતાં લખનાર પણ ભાવ–વિભોર થઈ કેટલીયે વાર અધ્યાત્મ રસમાં ડૂબકી લગાવી હશે. આ સંશોધનની જ્ઞાન સાધના પછી લેખિકાના જીવનમાં આધ્યાત્મિક દૃષ્ટિનો વિકાસ જોવા મળ્યો છે.

આનંદઘનજીનું ધ્યેય સ્વ કલ્યાણ છે કારણકે તેમની સાધના શિખર પર હતી. પરંતુ જશુબાઈનું ધ્યેય તો સ્વ અને પર બન્નેના કલ્યાણનું છે કારણકે તેની તો સાધનાની શરૂઆત છે, છતાંય તેની આ કૃતિ અમૂલ્ય છે. આ શોધ કાર્ય એમણે જે ઉંમરે કર્યું છે તે અને સાથે સામાજિક સર્વ કાર્યો; જેમ કે વ્યાખ્યાન – વ્યવહાર વગેરે જવાબદારી બજાવતાં – બજાવતાં આવો મહાનિબંધ લખ્યો છે. તે ધન્યવાદને પાત્ર ગણાય.

સાધ્વી જશુમતીનાં હૃદયમાં અધ્યાત્મનાં ભાવો અને ભક્તિની રસધારા વહેતી હશે; તો જ તેણે પોતાની થીસીસનાં વિષય માટે આનંદઘનજીને પસંદ કર્યાં આ સાધનાથી તેને નવી દૃષ્ટિ ખીલશે કારણકે આનંદઘનજી એ એક પદમાં કહ્યું છે, –

જીવ જગત હૈ કર્માધિના
અચરજ કછુ નાહિ.

આમાંથી સાધકને સાક્ષીભાવ સમતા અને જ્ઞાતા–દૃષ્ટાતાનું જ્ઞાન મળે તેમ છે.

જીવને હું કંઈક છું એવો અહમ ન આવે તે માટે તેઓએ કહ્યું છે,–

જગત ગુરુ મેરા.
મૈં જગતકા ચેરા '

આ પંકિતઓ નમ્રતાની સાથે એ પણ શીખવે છે કે, જો કોઈને જ્ઞાન કે બોધ લઈ કંઈક શીખવું જ હોય તો આખું જગત એને માટે પાઠશાળા કે શિક્ષક છે. બધામાંથી કંઈ ને કંઈ બોધ મળી શકે તેમ છે. તે જ વાતને સાધ્વી જશુમતિએ યથાશક્તિ વિવેચન લખી પોતાના આત્માને અને





સમાજને સમજાવવાની કોશિષ કરી છે તેમજ આચરણમાં મૂકવાની ભાવના હૃદયે ધરી છે.

જશુમતીજીનો આ પ્રથમ પ્રયાસ હોવા છતાં ઘણો સુંદર છે. એનાથી ફકત તેના નામને જ નહીં પરંતુ સંઘ, સમાજ, શાસન અને સંપ્રદાયને ચાર ચાંદ લાગી રહ્યાં છે. જે જોઈ–જાણીને હું મારી જાતને કેટલી ભાગ્યશાળી માનું ? હું ગૌરવ અનુભવું છું કે મારી એક શિષ્યા સાધ્વી તરુલતાજી એ **Ph.D.** કર્યું. ત્રણ મહાન સાધકો, શ્રીમદ્ રાજચંદ્ર, અવધૂત યોગી આનંદઘનજી તથા કવિવર બનારસીદાસજી અને સંત કબીરનાં સાહિત્ય દ્વારા જૈન અને હિન્દુની ભક્તિ પરંપરા તેમજ અધ્યાત્મનો સમન્વય કર્યો છે અને બીજા છે સાધ્વી જશુમતીજી કે જેની આ કૃતિ છે.

આવા સાધ્વી રત્નો પાસે સંઘ અને સમાજ પણ નવી – નવી કૃતિઓની અપેક્ષા રાખે. તે પૂર્ણ કરવાની પ્રભુ સાધ્વી જશુમતી ને શક્તિ આપે છે તે લોકોપયોગી તથા ઉપકારી બને.

જિજ્ઞાસુઓની જિજ્ઞાસા જ કૃતિના કર્તાઓનો ઉત્સાહ વધારવામાં નિમિત્ત બને છે. હું ઈચ્છું છું કે આ પુસ્તકનાં પ્રભાવે જિજ્ઞાસુઓની જિજ્ઞાસા ટકી રહે, વધતી રહે અને ફળતી રહે.

આ પુસ્તક વાંચકો માટે વાંચ્યા ને વિચાર્યા પછી કલ્યાણનું નિમિત્ત બનશે પણ આના લેખિકાને તો તે જ પળે કલ્યાણકારી બની ગયું. હજુ પણ તેના ભાવો વર્ધમાન બને અને નવું–નવું સર્જન કરવાની ભાવના થાય. તેનું જ્ઞાન, સમજ અને ચિંતન સ્વ–પર કલ્યાણનું કારણ બને એ જ ભાવના સહ

સાધ્વી લલિતાનાં આશીર્વાદ.

૨૦૬૦

ૂઈ> ઉક્ષ્ઘઈ૯ - ૧૦૦૦
શ્ઊંદ્દ્ર ૯ગૂક>ૃ - ૐક્ષ.
>ઇપ્દ - ૐક્ષ.
ૂક્ષ૯૭ ચંઈક્ષ૮
દક્ષ્મ૮ ત્ક્ષધગૂ ઝક્ક ઋક્ષઘક્કદ્ર ઙ્હઘક્ષત્તક્ક ૨૬૦૨

# આશીર્વાદ આપવાનો આનંદ

– પ. પૂ. પ્રાણકુંવરબાઈ મહાસતીજી

**ડૉ. જશુબાઈ મ. ની જ્ઞાનની શું શું વાત કરવી**
**૫૫મેં વર્ષે મેળવી પી. એચ. ડી. ની પદવી**
**પ્રાણ-લલિ ગુરુકુળમાં શિષ્યા જશુ ગુણોમાં ગરવી**
**આશિષમાં પ્રાણગુરુણીને કયા શબ્દની ગૂંથણી ધરવી**

વહી રહ્યું છે કૃપાનું ઝરણ, પકડયું છે લલિત ગુરુણીનું શરણ એવા શિષ્યારત્ના ડો. સાધ્વી જશુમતી.

આજે હું શું લખું ? મારા ઉરમાં આનંદનો ઉદધિ ઉછળી રહ્યો છે. આજે શબ્દના સેટ ઓછા પડે છે. કોઈ માનવને લાખ રૂપિયાની લોટરીનું ઇનામ મળે ત્યારે જે આનંદ પ્રાપ્ત થાય તેનાથી વિશેષ આનંદ મને થયો છે. નાની ઉંમરમાં અનેક માનવ પદવી મેળવે પણ શિષ્યા જશુમતીએ તો ૫૫ વર્ષની મોટી ઉંમરે સમાજ તથા સાધુ જીવનની વિવિધ પ્રકારની જવાબદારી અને મુંબઈની મહાનગરીમાં ચાતુર્માસ કરી વિવિધ પ્રકારની ધર્મ આરાધના કરતા તથા કરાવતા પી. એચ. ડી. ની મહાન પદવી પ્રાપ્ત કરી હોય તેનો હર્ષ મને કેમ ન હોય ?

**જનજનનાં હૃદયમાં વસેલી છે સાધ્વી રત્ના જશુ,**
**૬૫ મેં વર્ષે થીસીસ વિમોચન કરે અમને અભિનંદશુ,**
**પ્રાણ-રતિ-લલિત ગુરુની કૃપાપાત્રી એ સાધ્વી રત્ના,**
**પરમ પદના પથ દર્શક બને એ અમ અંતરની ભાવના.**

જેટ, રોકેટ, વીડીઓ અને કોમ્પ્યુટર વગેરે સાધનોથી જે બુદ્ધિ મળે





તે આ ભવ પૂરતી સીમિત છે ત્યારે મનોમંથનથી મેળવેલા જ્ઞાનનું ગોરસ માનવીના ભવિષ્યને સુધારી સાચી દિશા બતાવી અંતરદશાને બદલાવે છે.

મોર્ડન યુગમાં ફેશન અને ફીટનેશ, કલર અને કવોલીટી, ડીઝાઇન અને ડ્રેસની રેસમાં, શ્વેત વસ્ત્ર ધારણ કરી જ્ઞાનરૂપ ગોળ ખાનાર અને ખવડાવનાર સાધ્વી જશુમતીના પુરુષાર્થ, હોંશ અને હિંમતને લાખ લાખ ધન્યવાદ છે. કુશળ તરવૈયો તોફાની સાગરમાં વધુ ખીલે, ક્રિકેટર કટોકટીના સમયે વધારે જામે, હોંશિયાર વ્યાપારી પ્રતિસ્પર્ધામાં વધુ તાકાત લગાવે એમ સાધ્વી જશુમતીએ સમયની કટોકટીમાં પી. એચ. ડી. ની પદવી ગુરુકૃપાથી મેળવીને પ્રાણ–મોતી ગુરુકુળના નામને મહેંકાવ્યું છે.

ઉત્સાહયુક્ત જેનું મન, ગુરુકૃપાનું મળ્યું મોંઘુ ધન
થીસીસ છે જેમનો એવન, યાદગાર બની બે હજાર ચારની શન

સૂર્ય ઉદિત થવાનું કદી ભૂલે નહીં, કમળ ખીલવાનું કદી ભૂલે નહીં, ધરતી ભાર વહન કરવાનું કદી ભૂલે નહીં. નદી પરોપકાર કરવાનું કદી ભૂલે નહીં એમ હું સાધ્વી જશુમતીને આશીર્વાદનું અમૃત આપવાનું કેમ ભૂલું ? જશુ, તારો પ્રબળ પુરુષાર્થે લખેલો થીસીસ સૌ કોઈને થાક ઉતારનારો બને, ભવભ્રમણ દૂર કરનારો બને, ત્રિવિધ તાપને ટાળનારો બને અને અનુપમ સુખ–શાંતિ પ્રાપ્ત કરાવનારો બને.

કલ્પતરુના લલિત વાતાવરણમાં અને પૂ. નમ્રમુનિના સાંનિધ્યમાં ત્રિવેણી પ્રસંગ ભવ્ય, નવ્ય અને રમ્ય ઉજવાય એજ વડીલ ગુરુણી પૂ. પ્રાણકુંવર બાઈ મ. ના અંતરના આશીર્વાદ.

ઽક્ક ણુ૭઼ ણુધ્કણ્દ્ૂ ધ્નકહ્ડ ઠ઼ૠપ ધ્નહ્ઠ ૧૩ દ્ દ્ટ. ૩-
૪-૨૦૦૪

ૂણૂટ્ દ૮
લેસર ટાઈપ સેટિંગ

૭૦૮, સ્ટાર ચેમ્બર્સ
હરિહર ચોક–રાજકોટ–૩૬૦૦૦૧
ૈ–મલિઃ ાબચનિફયઠહોતમાલિ.ચોમ
ફોન નં– –૯૧–૨૮૧–૨૫૭૧૨૮૬

# અક્ષય રસના રસિયા આનંદઘન

– ડૉ. તરુલતાબાઈ મહાસતીજી

જૈન વાઙ્‌મય વિવિધ વિધાઓમાં વિસ્તરેલું છે. જિનેશ્વરવાણી આગમ રૂપમાં છે તો વિદ્વત મનિષીઓની સં. રચના ગ્રન્થો રૂપે ઉપલબ્ધ છે. એ ન્યાય-વ્યાકરણ, ઈતિહાસ–ભિન્ન–ભિન્ન સાહિત્ય આદિમાં વિભાજિત છે તેમજ સ્તોત્ર–સ્તવન–સ્તુતિ–પદ પણ ગેયાત્મક લયમાં મળે છે. સંત કવિઓ, કે જેઓ આત્માનુભૂતિનાં સંવેદનમાંથી જ્યારે–જ્યારે બહાર આવતાં ત્યારે – ત્યારે એમનાં અંતર ઉદ્‌ગારો કાવ્ય રૂપે બહાર સરી પડતાં હતાં. આધ્યાત્કિ ભાવોથી ભીંજાયેલ એ પદો ગૂઢ રહસ્યો અને દાર્શનિક સિદ્ધાંતોના મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ છે.

આ ભવ્ય પરંપરામાં થયેલ મહાયોગી આનંદઘનજીનું અદ્વિતીય યોગદાન જૈન જગતમાં પ્રસિદ્ધ છે.

આનંદઘન એક એવા મહાપુરુષ રહ્યાં કે જેઓ નામ અને નામીથી ઊંચા ઊઠેલા હતાં. મધ્યયુગમાં અનેક સંતોએ અનામ અનામ રહીને પોતાની સાધના કરી. તેઓએ પોતાના લક્ષ્ય સાથે એવું તાદાત્મ્ય સ્થાપિત કરી દીધું કે તેઓની કૃતિ અમર બની ગઈ અને જીવનવૃત્ત સંશયાત્મક. ઘણાં સંશોધનો પછી પણ માત્ર કિંવદન્તિઓનાં આધારે જ તેમનાં વિષયમાં બહુ જ અલ્પ માહિતી મળે છે. તે પણ કેટલી પ્રમાણિક છે, તે એ પોતે જ જાણે !!

એમનાં સાધુ જીવનનું મૂળનામ તો હતું લાભાનન્દ પરંતુ તેઓ જ્યારે પોતાની આત્મમસ્તીમાં ખોવાઈ જતાં ત્યારે અંતરમાં આનંદનો





સાગર ઉછાળા મારવા લાગતો. પ્રભુભક્તિમાં મસ્ત ફકીર ભજનમાં ભાવવિભોર થઈ ઉઠતા અને એ આનંદમાં ઝૂલતું હૈયું પોતાને આનંદઘનનાં નામથી પુકારી ઉઠતું. આમ તેઓ લાભાનંદમાંથી આનંદઘન બની ગયાં.

આનન્દઘનજીની રચનાઓમાં મુખ્ય બે પ્રકારની રચનાઓ ઉપલબ્ધ થાય છે.

૧, આનંદઘન ચોવીસી

૨, આનંદઘન પદ બહોતેરી

ચોવીસીમાં આદિ પ્રભુ ભગવાન ઋષભદેવથી ચરમ તીર્થંકર મહાવીરનાં નામનું અવલંબન લઈ ચોવીસ સ્તવનોમાં અધ્યાત્મનાં ગૂઢ રહસ્યો ઉદ્‌ઘાટિત કર્યાં છે. જિનેશ્વર પરમાત્માની સ્તુતિનાં બહાને ગહન આત્મિક અનુભૂતિ શબ્દદેહે રજૂ કરી છે.

પદોમાં પ્રિયતમ પરમાત્માની વિરહ વ્યથાની વ્યાકુળતા ક્યાંક નીતરે છે તો ક્યાંક અનુભૂતિની સંવેદનાત્મક પળોનો તાદશ ચિતાર પણ છે. તેઓની રચનાઓમાં દાર્શનિક સિદ્ધાંતોની ગૂઢતા છે તો પરાભક્તિની સમર્પણતા પણ છે. ક્યાંક પરમ–પ્રિયતમ ને પામવાની તડપ છે. તો ક્યાંક પ્રિયતમ ને ઉપાલંભ પણ છે. સંવેદનની પરાકાષ્ટાએ પહોંચી અનુભવરસમાં લયલીન બનેલા આનન્દઘન અનુભવની પળોને બિરદાવે છે.

**'અનુભવ હમ તો રાવરી દાસી'**
**'અનુભવ નાથકો ક્યૂં ન જગાવે'**
**'અનુભવ તૂ હૈ મિત હમારો'**

અનુભવ અર્થાત્ ચેતનાનો પૂર્ણ ચેતનામાં પ્રવેશ પ્રથમ પ્રવેશ પછી પરિણમન ત્યારબાદ પૂર્ણતાનું પ્રાગટય.

આ જ સંદર્ભમાં આનંદઘનજીનાં સ્તવનોનો મહિમા વર્ણવતાં શ્રી જશુબાઈ મહાસતીજી લખે છે –

......એમણે પરમાત્માની સ્તવનામાં જ્યાં પ્રીતિ, ભક્તિ અને અનુરક્તિનાં ભાવો ભર્યાં છે ત્યાં જિનશાસનનાં ગૂઢ રહસ્યોને નય, નિક્ષેપ, ઈચ્છાયોગ, સામર્થ્યયોગ, શાસ્ત્રયોગ ઇત્યાદિક અકળ પદાર્થોને વિસ્તારથી પ્રરૂપ્યા છે.

... થીસીસ ગ્રન્થ પેઈજ ૬૧.

આનંદઘનજીનાં સ્તવનો આધ્યાત્મિક પ્રકિયાનાં આસવ રૂપ છે. તેમનાં સ્તવનોમાં તીર્થંકરોની સ્તુતિ ઉપરાંત આત્માનુભવની અભિવ્યક્તિ પણ છે.... પેઇજ ૬૫.

શ્રી જશુબાઈ મહાસતીજીએ અત્યંત ગહન ચિંતન વડે આનન્દઘન સ્તવનો અને પદોને મૂલવ્યા છે. તેઓનું આ અણમોલ પ્રદાન સાધના ઈચ્છુક સાધકોને, તત્ત્વ પ્રિય જિજ્ઞાસુઓને, ભક્તિ રસિક ભાવિકજનોને, સાહિત્ય પ્રેમી વિદ્વતજનોને તેમજ સર્વ જનોને ઉપકારી નીવડશે વળી તેમના ભાવોની અભિવ્યક્તિ એટલી સરળ અને સહજ ભાષામાં થઈ છે કે આખી યે રચના સ-રસ મધુર બની છે.

કોઈ પણ ઉપલબ્ધિ પાછળ તેના માટે કરેલી તપશ્ચર્યાનો ઈતિહાસ હોય છે. તપ્યા વિના શુદ્ધિ નથી. શુદ્ધિ વિના સિદ્ધિ નથી.

શ્રી જશુબાઈ મહાસતીજી ડૉક્ટરેટ સુધી પહોંચ્યા તેમાં તેમને તપવું તો બહુ પડયું. અમારું સાધુ જીવન એટલે ચરૈવેતિ – ચરૈવેતિ. સાધુ વિચરતા ભલા. એ ન્યાયે સારા યે ભારતમાં વિચરણ થયું સન્ ૧૯૭૪ માં મુંબઈમાં પ્રથમ **S.S.C** ની પરીક્ષા આપી. એ પછી મહારાષ્ટ્ર, આંધ્ર, કર્ણાટક, તામિલનાડુ આદિ પ્રદેશોમાં વિચરણ થયું, તેમની અભ્યાસયાત્રા ૧૯૭૪ માં શરૂ થઈ, અનેક પ્રદેશોમાં એ યાત્રા ફરતી રહી. પરીક્ષાઓ અપાતી ગઈ, છેવટે ૧૯૮૮ માં ફરી મુંબઈ આવવાનું થયું. **M. A**. ની ડીગ્રી લઈને આવ્યા હતાં. ત્યારબાદ ઘણાં પ્રયત્ને, અનેક વિદ્વાનો સાથે પરામર્શ કરી 'આનંદઘન એક અધ્યયન' વિષય નકકી થયો.

એમની પસંદગી આ વિષય પર કેમ ઊતરી ? આ પ્રશ્ન સહજ ઊઠે. અમારા ગુરુમાત આધ્યાત્મ યોગિની પૂ. બાપજી, અધ્યાત્મરસનાં રસિયા છે. અધ્યાત્મ ગ્રન્થોનો સ્વાધ્યાય નિયમિત ચાલતો જ હોય. તેમના શિષ્યા પરિવાર એ ભાવોમાં રમતા હોય. જે ગુરુકુળવાસમાં નિત્ય-નિરંતર અધ્યાત્મ રસના આસ્વાદન ચાલતાં હોય ત્યાં અધ્યાત્મ યોગી અવધૂત આનંદઘન જ સ્મરણે ચડે ને ? ? ?

.... અને રજીસ્ટ્રેશન પછી કામ ચાલ્યું.. ડો. કલાબેન શાહનું માર્ગદર્શન મળ્યું તો વિદ્વત ડો. રમણભાઈ શાહનો બહુમૂલ્ય સહયોગ મળ્યો તેમજ અનેક ભાવિકજનોનાં તન-મન-ધનનાં સહકાર વડે આ યાત્રા આગળ





ધપતી રહી. જો કે તેમાંય પૂજ્ય બાપુજીનાં સ્વાસ્થ્યનાં કારણે તેઓશ્રીનું દેવલાલી રહેવાનું થયું. તેથી મુંબઈ-દેવલાલી વચ્ચેનાં વિહાર થતાં રહ્યાં. છતાં આવા સર્વ અનુકૂળ – પ્રતિકૂળ સંયોગોમાં ધીરજ અને વિશ્વાસથી લેખન કાર્ય ચાલતું રહ્યું અને સન્ ૧૯૯૪ માં થીસીસ પૂર્ણ થતાં ડોકટરેટની ઉપાધિ પ્રાપ્ત થઈ.

આમ સુદીર્ઘ યાત્રા વિહારની અને તેની જ સાથે દીર્ઘ યાત્રા વિદ્યા ઉપાર્જનની-બન્ને યાત્રા સાથે – સાથે ચાલતાં વિદ્યા યાત્રા પૂર્ણ થઈ, વિહાર યાત્રા હજુ અવિરત ચાલી રહી છે.

એક સુંદર- વિસ્તૃત રચના 'અનુભવ રસ' નાં નામે આપણી સમક્ષ આવી રહી છે. મારું અંતર કહે છે કે, આ ગ્રન્થ લોકભોગ્ય ની સહુનાં મન-મસ્તિષ્ક અને હૈયાંને ભીંજવશે. શ્રી જશુબાઈ મહાસતીજીમાં રહેલ આ શક્તિ, શાસન અને સમાજને આવું સાહિત્ય હજુ પણ પ્રદાન કરે. તેમનાં પર ભગવાન મહાવીરનાં, અવધૂત યોગી આનંદઘનનાં તેમજ અમારા ગુરુણીદેવા વાત્સલ્ય હૃદયા – પૂ. બાપજીનાં આશીર્વાદ તથા કૃપા ઉતરે.

એ જ અંતર ભાવના

કલ્પતરુ અધ્યાત્મ કેન્દ્ર,
મિયાગામ
૧૫-૩-૨૦૦૪

# આત્માનુભૂતિની અમોઘ

# કવિતાનું રસદર્શન

- ડૉ. રમણલાલ ચી. શાહ

ગોંડલ સંપ્રદાયનાં પ. પૂ. શ્રી લલિતાબાઈ મહાસતીજી ( પૂ. બાપજી ) નાં સુશિષ્યા પ. પૂ. શ્રી જશુબાઈ મહાસતીએ અધ્યાત્મયોગી કવિ શ્રી આનંદઘનજી વિશે. વિવિધ ગ્રંથોનો સ્વાધ્યાય કરીને, મુંબઈ યુનિવર્સિટીની પીએચ.ડી ની પદવી માટે તૈયાર કરેલ અને માન્ય રહેલ શોધ નિબંધના સંક્ષેપરૂપે આ જે લોકપ્રિય ગ્રંથ તૈયાર કર્યો છે, એના પ્રકાશનને આવકારતાં હું અત્યંત હર્ષ અનુભવું છું વર્ષોથી જેની રાહ જોવાતી હતી તે ગ્રંથ હવે પ્રકાશિત થાય છે, સર્વસુલભ બને છે. એથી અનેક આત્મસાધક મુમુક્ષુઓને એમાંથી પ્રેરણાનાં પીયૂષનું પાન કરવા મળશે.

કવિવર શ્રી આનંદઘનજીએ સ્તવનો અને પદો લખ્યાં છે. એમનાં સ્તવનો ઉપર જેમ અભ્યાસગ્રંથો પ્રગટ થયા છે તેમ પદો ઉપર પણ થયા છે. સ્વ. મોતીચંદભાઈ ગિરધરલાલ કાપડિયાએ સ્તવનો અને પદો એમ બંને ઉપર સવિસ્તર ગ્રંથો લખ્યા છે. પ. પૂ. શ્રી જશુબાઈ મહાસતીજીએ આ શોધનિબંધમાં સ્તવનો અને પદો એમ બંને ઉપર સરસ અર્થપ્રકાશ પાડયો છે.

પોતાની થોડી પણ ઉત્કૃષ્ટ કાવ્યકૃતિઓ દ્વારા સમગ્ર ભારતની પ્રજામાં છવાઈ ગયેલા સંત કવિઓમાં વિક્રમના અઢારમા શતકના કવિ અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજનું નામ પણ મોખરે છે. 'બેર બેર નહિ આવે અવસર,' 'અબ હમ અમર ભયે ન મરેંગે,' 'કયા સોવે ઊઠ જાગ બાઉરે,' 'આશા ઓરન કી કયા કીજે ?,' 'રામ કહો રહેમાન કહો,' 'યા પુદ્ગલ કા કયા વિસવાસા,' 'સાધો, સમતા સંગ રમીજે,'





'અવધૂ કયા માગું ગુનહીના,' 'અવધૂ નામ હમારા રાખે,' 'અબ ચલો સંગ હમારે કાયાં વગેરે એમનાં પદો ઠેરઠેર સતત ગુંજતા રહ્યા છે. એમની ચોવીસીમાંનાં 'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે,' 'પંથડો નિહાળું રે બીજા જિન તણો રે,' 'અભિનંદન જિન દરિશન તરસીએ,' 'ધાર તલવારની સોહલી, દોહલી,' 'કુંથુજિત, મનડું કિમ હિ ન બાઝે' વગેરે સ્તવનો મંદિરોમાં ગવાતાં રહ્યાં છે.

અવધૂત [ અવ=સારી રીતે, નિશ્ચિતપણે, ધૂત=ધોઈ નાખ્યાં છે, હલાવી નાખ્યાં છે, ખંખેરી નાખ્યાં છે, ( વર્ણાશ્રમનાં અને વ્યવહાર જગતનાં બંધનો ) જેમણે ] એવા શ્રી આનંદઘનજીએ ચોવીસીનાં સ્તવનો અને એકસોથી અધિક પદો લખ્યાં છે. પરંતુ એમણે જે કૃતિઓની રચના કરી છે તે એવી સઘન, માર્મિક અને અનુભવની એરણે બરાબર કસાયેલી છે કે આટલી ઓછી રચનાઓથી પણ તેમણે ભારતીય સાહિત્ય પરંપરામાં અનોખું સ્થળ પ્રાપ્ત કરી લીધું છે.

આનંદઘનજીએ ગદ્યસાહિત્યની રચના કરી હોય એમ લાગતું નથી, કારણકે એમની એવી કોઈ કૃતિ પ્રાપ્ત થતી નથી. એમણે જે પદ્યસાહિત્યની રચના કરી છે તેમાં મુખ્ય બે વિભાગ છે. ( ૧ ) સ્તવનો અને ( ૨ ) પદો. એમની ચોવીસીનાં છેલ્લા બે સ્તવનોના કર્તૃત્વ વિશે મતાન્તર છે. એમનાં પદો ૧૦૮ જેટલાં મનાય છે, જેમાંનાં કેટલાંકનું કર્તૃત્વ સંદિગ્ધ છે.

વિવિધ રાગરાગિણીમાં લખાયેલાં આત્મજ્ઞાનની મસ્તીથી સભર, આનંદઘનજીની ચોવીસીનાં સ્તવનો પ્રેરક અને માર્ગદર્શક છે. એમાં વિષય વસ્તુનો ક્રમિક વિકાસ જોઈ શકાય છે. એમણે જૈન દર્શનના કેટલાક સિદ્ધાંતોને થોડા શબ્દોમાં માર્મિક રીતે વણી લીધા છે. એમાં પ્રયોજાયેલા પારિભાષિક શબ્દો અને ઉક્તિ લાઘવને કારણે એમનાં કેટલાંક સ્તવનો અર્થની દૃષ્ટિએ કઠિન અથવા દુર્બોધ બન્યાં છે. શાસ્ત્રના જાણકાર કોઈ સમજાવે તો અર્થ વધુ સ્પષ્ટ થાય. આથી જ એમની હયાતીમાં અને ત્યારપછી ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ, શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ અને શ્રી જ્ઞાનસારજીએ આનંદઘનજીનાં સ્તવનો ઉપર ટબા લખ્યા છે. શ્રી જ્ઞાનસારજીએ તો એમનાં સ્તવનો ઉપર ચાલીસ વર્ષ સુધી મનન કર્યું અને પછી જીવનના અંતે ટબો લખ્યો હતો.

શ્રી આનંદઘનજીએ જે કૃતિઓની રચના કરી છે તે એટલી ગહનગંભીર છે કે એનું રહસ્ય, એનો પરમાર્થ પામવાનું સામાન્ય માણસ માટે સરળ નથી. એટલે જ શ્રી જ્ઞાનસારજીએ કહ્યું છે.

**બાળક બાંહ્ય પસારીને, કરે ઉદધિ વિસ્તાર,**
**આશય આનંદઘનતણો, અતિ ગંભીર ઉદાર.**

નાનું બાળક બે હાથ પહોળા કરીને 'દરિયો આટલો બધો મોટો હોય' એમ કહે એથી સમુદ્રનું માપ ન નીકળે, તેમ પોતાનાં કાવ્યોમાં શ્રી આનંદઘનજીને જે અભિપ્રેત છે તે એટલું ગંભીર અને ઉદાર, મોટું છે કે તેનો તાગ પામવાનું પૃથક્જન માટે ઘણું કઠિન છે.

શ્રી આનંદઘનજીએ જે પદો લખ્યાં છે તેમાં ગુરુકૃપા, સાધુસંગતિ, આત્મજ્ઞાન, સુધારસનો અનુભવ, સમતાની આરાધના, મમતાનો ત્યાગ ઇત્યાદિ ઉપર બહુ ભાર મૂક્યો છે. એમાં અમની વિશાળ, ઉદાર, ઉચ્ચ તત્ત્વદૃષ્ટિ જોવા મળે છે. એમણે ગાયું છે.

**રામ કહો, રહેમાન કહો,**
**કોઈ કહાન કહો, મહાદેવ રી;**
**પારસનાથ કહો કોઉ બ્રહ્મા,**
**સકલ બ્રહ્મ સ્વયમેવ રી.**

પરમતત્ત્વને કોઈ રામ કહે, કોઈ રહેમાન કહે, કોઈ કૃષ્ણ ( વિષ્ણુ ) કહે, કોઈ મહાદેવ કહે, કોઈ પાર્શ્વનાથ કહે કે કોઈ બ્રહ્મા કહે, પરંતુ પોતાનામાં રહેલું ચેતન તત્ત્વ એ પોતે જ પરમતત્ત્વ છે, પરમાત્મા છે.

પ. પૂ. શ્રી જશુબાઈ મહાસતીજીએ મુંબઈ અને દેવલાલીમાં ચાતુર્માસ રહીને ડૉ. કલાબહેન શાહના માર્ગદર્શન હેઠળ જે શોધનિબંધ તૈયાર કર્યો એમાં એના આરંભથી અંત સુધીના લેખનકાર્યનો હું સાક્ષી રહ્યો છું અને આ શોધનિબંધના પરીક્ષક તરીકેનું કર્તવ્ય પણ મારે બનાવવાનું આવ્યું હતું. પ. પૂ. શ્રી જશુબાઈ મહાસતીજીએ અત્યંત પરિશ્રમપૂર્વક આ શોધનિબંધ તૈયાર કર્યો છે. એમાં પ. પૂ. શ્રી શ્રેયાબાઈનો સહકાર ઘણો સારો મળ્યો હતો.

શોધનિબંધ લખીને તૈયાર કરવો અને ગ્રંથસ્વરૂપે એ પ્રકાશિત કરવો એ બેમાં ફરક કરવો પડે છે. બધા જ શોધનિબંધો એના એ સ્વરૂપે





પ્રકાશિત કરવાનું યોગ્ય નથી, કારણકે શોધનિબંધમાં આધાર માટે અવતરણો અને ગ્રંથસંદર્ભો આપવા અનિવાર્ય છે, જેમાંના કેટલાયે અવતરણોની પ્રકાશિત ગ્રંથમાં અનિવાર્યતા હોતી નથી. શોધનિબંધમાં કેટલીક પુનરુક્તિ અનિવાર્ય બને છે. પ્રકાશિત ગ્રંથમાં એવી આવશ્યકતા નથી. શોધનિબંધ સંશોધકી અને વિદ્વાનોને લક્ષમાં રાખીને લખાય છે. પ્રકાશિત ગ્રંથો, તેની સામગ્રી પ્રમાણે, ક્યારેક સામાન્ય વાચકને લક્ષમાં રાખીને પ્રકાશિત થાય છે. એટલેજ પ. પૂ. શ્રી જશુબાઈ મહાસતીજીએ પોતાના શોધનિબંધને થોડો સંક્ષિપ્ત કરીને પ્રકાશિત કર્યો છે, તે યોગ્ય જ થયું છે.

પૂ. શ્રી. આનંદઘનજી મહારાજ અત્યંત લોકપ્રિય કવિ છે. બીજી બાજુ આત્મજ્ઞાનના આરાધકો માટે તેઓ ગહન કવિ છે. એમનાં કેટલાંક પદો–સ્તવનોનો વાચ્યાર્થ સરળ છે. પણ ધ્વન્યાર્થ ગૂઢાર્થ પામવાનું દુષ્કર છે. યોગ્ય અધિકાર વિના તે સમજાય નહિ. પ. પૂ. શ્રી જશુમતી બાઈ મહાસતીજીએ આવા ગૂઢાર્થનાં રહસ્યોદ્ઘાટન આ ગ્રંથમાં કર્યાં છે. એ માટે એમને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે.

પ. પૂ. શ્રી જશુબાઈ મહાસતીજીનો આ ગ્રંથ અનેક રસજ્ઞ વાચકોને અને આત્માર્થી જીવોને માટે પ્રેરક અને માર્ગદર્શક ભાથું બની રહે એવો છે.

પ. પૂ. શ્રી જશુબાઈ મહાસતીજીને અને એમના સમુદાયના સર્વ શ્રમણ–શ્રમણીવૃંદને વંદના કરી વિરમું છું.

## આત્મજ્ઞાની એકલવીર આનંદઘન

–ડૉ. કલા શાહ

પૂજ્ય જૈન સાધ્વી મહાસતી જસુબાઈ સ્વામીએ પી.એચ.ડીની ડીગ્રી માટે મુંબઈ યુનિવર્સિટીમાં મારા માર્ગદર્શનમાં તૈયાર કરેલ મહાનિબંધ "આનંદઘનજી એક અધ્યયન" નું ગ્રંથરૂપે પ્રકાશન થાય છે એ વાત જૈન સાહિત્ય માટે માત્ર અતિ આનંદની જ નહિ પણ એક ઐતિહાસિક તથા અવીસ્મરણીય બિના બની રહેશે. આ કાર્ય ઉપાડી લેનાર સંઘના ટ્રસ્ટીઓને તથા કાર્યકર્તાઓને મારા હાર્દિક અભિનંદન.

પૂજ્ય મહાસતી જસુબાઈ સ્વામીને પી.એચ.ડી માટેનું સંશોધન કાર્ય કરાવવા માટે સ્થા. જૈન. સંઘના કેટલાંક ટ્રસ્ટીઓએ મુંબઈ યુનિવર્સિટીમાંથી મારું નામ શોધી મને મળવા આવ્યા તે પ્રસંગનું સ્મરણ તાજું થાય છે. ત્યાર બાદ ઘાટકોપરમાં હીંગવાલા લેનના ઉપાશ્રયમાં પૂજ્ય જસુબાઈ સ્વામીને રૂબરૂ મળવાનું થયું. વિષયની પસંદગી માટે પૂજ્ય ડૉ. રમણભાઈ શાહે હાજર રહીને વિષય નકકી કરવામાં સહાય કરી. પછીના બધાં જ કાર્યોમાં દરેકે દરેક સંઘના કાર્યકર્તાઓએ જે અગાધ મહેનત કરી હતી તે પ્રશંસાને પાત્ર છે.

મધ્યકાલીન જૈન ગુજરાતી કાવ્ય સાહિત્યમાં આનંદઘનજીની રચનાઓ એક મરમી સંતની વેદનાનું અને ભક્તિ તથા અધ્યાત્મનું નજરાણું છે અને એક અણમોલ ખજાનો છે જેમાં ગહનભૂતિનો સ્પર્શ છે. તેમનાં રચેલા પદો નરસિંહ, મીરાં અને સંત કબીરની હરોળમાં બેસે તેવો છે. તથા તેમણે રચેલા સ્તવનો ( ચોવીશી ) જૈન પરંપરાનું ગૌરવ છે. આવા કવિ આનંદઘનજીના કાવ્યો પર સંશોધન કરવાનું વિચારવામાં આવ્યું.





જૈન દર્શનના જ્ઞાતા, આત્મ સાધના કરનાર સાધક અધ્યાત્મયોગી આનંદઘનજી રચિત 'ચોવીશી' ના દરેકે દરેક સ્તવન તથા પદમાં રહેલી ઊંડી ગહનતે, આધ્યાત્મિકતા તથા આતમજ્ઞાનના રસનું પાન પૂજ્ય જસુબાઈ સ્વામીએ અગાધ પરિશ્રમ કરીને પાર પાડયું છે. આનંદઘનજી નિર્મળ અને સ્થિર ભક્તિમાં આત્મનિમજ્જન કરનાર અવધૂ હતા. ગામો ગામ અને શહેરે–શહેરે વિહાર કરતાં કરતાં પી.એચ.ડી નું સંશોધન કાર્ય કરવું, પોતાની દિનચર્યાની સાથે સાથે સાધર્મિકોને વ્યાખ્યાનો આપવા, બપોરના સમયે સંશોધનના વિષયની ચર્ચા વિચારણા કરવી એ અત્યંત કઠિન કાર્ય છે. પણ અંતરમાં ધગશ હોય તો કઠિન કાર્ય પણ પાર પડે જ છે. એ વાતની પ્રતીતિ પૂજ્ય જસુબાઈ સ્વામીએ તૈયાર કરેલ ૧૩૦૦ પાનાના ત્રણ ખંડના–મહાનિબંધ દ્વારા થાય છે. પૂજ્ય જસુબાઈ સ્વામીએ સ્વહસ્તે તૈયાર કરેલ આ મહાનિબંધ મુંબઈ યુનિવર્સિટીમાં યાદગાર બની રહે તેવો ગ્રંથ છે.

આ મહાનિબંધ માત્ર મુંબઈ યુનિવર્સિટીની ઉપાધિ મેળવવા માટે જ લખાયેલો મહાનિબંધ નથી. પરંતુ અવધૂ આત્મજ્ઞાની આનંદઘનજીના આત્મતત્ત્વને પામીને, પચાવીને તૈયાર કરેલ મહાનિબંધ છે. તેમાં લખાયેલા અક્ષરે અક્ષરે, શબ્દે શબ્દે પૂજ્ય જસુબાઈ સ્વામીએ પોતે કરેલ ગહન આધ્યાત્મિકતાની પ્રતીતિ કરાવે છે. દરેકે દરેક સ્તવન કે પદનું રહસ્ય પામવા માટે અને પમાડવા માટે આનંદઘનજીના ભાવને સમજવા માટે જરૂર લાગી ત્યાં આગમો, શાસ્ત્રો તથા અન્ય સંત કવિઓની કવિતાના દૃષ્ટાંતો દ્વારા પૂજ્ય જસુબાઈ સ્વામીજીએ આ મહાનિબંધને અનોખો ઓપ આપ્યો છે. આ મહાનિબંધની વિશિષ્ટતા એનું ગહન ઊંડાણ અને વિસ્તાર છે.

આનંદઘનની ચોવીશીના સ્તવનો અને પદોના વાંચન પઠન અને અધ્યયન કરવા કરાવવાનો જે લાભ એક માર્ગદર્શક ( ગાઈડ ) તરીકે મને મળ્યો તેને હું મારૂં સદ્‌ભાગ્ય સમજું છું. તે ઉપરાંત પૂજ્ય જસુબાઈ સ્વામીની સાથે સાથે અન્ય મહાસતીઓને મળવાનો અને બધાંના સાન્નિધ્યમાં રહેવાનો લાભ પણ મને મળ્યો. આનંદઘનજી વિશેના આ સંશોધન કાર્ય દરમ્યાન મારો નિજનો આધ્યાત્મિક વિકાસ પણ થયો. તે માટે

હું પૂજ્ય જસુબાઈ સ્વામીના ચરણોમાં મારા કોટિ કોટિ વંદન પાઠવું છું.

અવધૂ આનંદઘનજીને પામવા માટે સ્વામીજીનો આ ગ્રંથ વાચકોને અત્યંત ઉપયોગી થશે.

સર્વને અભિનંદન સાથે –વિરમુ.

તા. ૧૮–૩–૦૪

# પ્રાસ્તાવિક

– પૂ. ડો. જસુબાઈ મહાસતીજી

भवबीजांकुरजनना, रागादयः क्षयमुपागता यस्य।
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै।।

ભવરૂપી બીજનાં અંકુર છે એવા રાગ–દ્વેષાદિનો જેમણે ક્ષય કર્યો છે એવા બ્રહ્મા હો, વિષ્ણુ હો અથવા હરિ કે જિનેશ્વર હો, તેમને હું નમસ્કાર કરું છું.

સાધકની સાધનાનું લક્ષ્યબિન્દુ છે પરમપદની પ્રાપ્તિ એ પરમપદ સાથે સદ્‌ગુરુ સંયોગ કરાવે છે. સદ્‌ગુરુના પ્રેરણા તથા આશિષ સિવાય સાધક કોઈ પણ કાર્યમાં સફળ થઈ શકતો નથી. સદ્‌ગુરુ એટલે મારે માટે ગુરુમાતા. જેના હૃદયમાં મા જેવું વાત્સલ્ય હોય તેવાં ગુરુણી તે ગુરુમાતા.

જેની આંખમાંથી નર્યો નેહ નીતરતો રહે છે, વાણીમાં વાત્સલ્ય ધારા વહે છે, તેમજ જેનું દિલ દરિયાવ છે એવા મારાં ગુરુણી ( બાપજી ) અધ્યાત્મયોગિની બા. બ્ર. પૂ. લલિતાબાઈ સ્વામી સાથે અમે ૧૯૭૪માં પૂર્વ ભારતમાંથી પાછાં ફરી મુંબઈમાં પ્રવેશતાં હતાં ત્યારે એમના મુખમાંથી અમી ઝરતી વાત્સલ્યભરી, મૃદુવાણી નીકળી. એમણે મને કહ્યું, ‘જશી ! સાધુ જીવનમાં થોડા વ્યવહાર જ્ઞાનની પણ આવશ્યકતા રહે છે. મારી ઈચ્છા છે કે તું એસ. એસ. સી. ની પરીક્ષા પણ આપ અને એમાં પણ આગળ વધ. ’ ન ખબર બાપજીએ મારામાં શું જોયું ? મારી દીક્ષા પૂર્વે મેં ફક્ત સાત ગુજરાતી સુધીનો અભ્યાસ કર્યો હતો. દીક્ષા જીવનમાં જૈન





સ્થાનકવાસી પાથર્ડી બોર્ડની જૈન સિદ્ધાંતાચાર્ય સુધીની પરીક્ષા પસાર કરી હતી. ત્યારબાદ ગુરુણીની આજ્ઞા અને તેઓશ્રીની હિતશિક્ષાને હૃદયમાં અવધારીને મેં ૧૯૭૪ માં સીધી એસ. એસ. સી. ની પરીક્ષા આપી. એ અરસામાં અમારા ઠાણા ૮નું ( આઠ સાધ્વીના સમુદાયનું ) ચાતુર્માસ માટુંગામાં હતું. તે વખતે સુજ્ઞ શ્રાવક શ્રી સુબોધભાઈ ઘાટલિયા મારા પરિચયમાં આવ્યા અને મારી પરીક્ષાની વ્યવસ્થાનો બધો ભાર એમણે ઉપાડી લીધો. ત્યારપછી ૧૯૭૬ માં એસ. એન. ડી. ટી. યુનિવર્સીટીની બી. એ. ની પહેલા વર્ષની પરીક્ષા મેં આપી. આમ અનુક્રમે અભ્યાસમાં આગળ વધતાં છેવટે ૧૯૮૧ માં મેં એમ. એ. ની પરીક્ષા પાસ કરી. મારા આ અભ્યાસમાં વેગ તથા ઉત્સાહ પ્રેરનાર મારા ધર્મબંધુ સુબોધભાઈ ઘાટલિયાએ તથા શ્રીમતી સરોજબેન ઘાટલિયાએ ઘણી જહેમત ઉઠાવી છે. એથી જ હું એમ. એ. સુધી પહોંચી શકી. તેમણે પોતાની સગીબહેનથી પણ વિશેષ પ્રેમ આપીને મારા અભ્યાસને વેગ આપ્યો. ઉદાર દિલે તન, મન, ધન અને સમયનો ભોગ આપ્યો. તેમના એ સ્નેહને હું કેમ વિસરી શકું ?

૧૯૮૧ માં એમ. એ. ની પરીક્ષા પૂર્ણ કર્યા પછી ફરીથી દક્ષિણ ભારતમાંથી વિહાર કરીને અમે પાછા મુંબઈમાં પ્રવેશ કર્યો ત્યારે ભીવંડીમાં અનન્ય ભક્તહૃદયી શ્રીમતી સરિતાબેન રમેશભાઈ મહેતા ( પાલનપુરવાળા ) વગેરે ચાર પાંચ બહેનો દર્શનાર્થે આવ્યાં. સરિતાબેને ત્યારે એવી ભાવના વ્યક્ત કરતાં કહ્યું, ‘મહાસતીજી ! આપ જો પી. એચ. ડી. નો અભ્યાસ કરો તો એના સંપૂર્ણ સહકારની જવાબદારી ઉપાડવાની મારી ભાવના છે. ’ આ શબ્દોએ મારા હૃદયમાં ઉત્સાહ પ્રેર્યો. સરિતાબેન વારંવાર દર્શનાર્થે આવતાં રહ્યાં અને પી. એચ. ડી. ની યાદ અપાવતાં રહ્યાં.

ઇ. સ. ૧૯૮૮ માં મારા વડીલ ગુરુ ભગિની તત્ત્વચિંતક બા. બ્ર. પૂ. તરુબાઈ સ્વામી ( M. A. Ph. D. ) ની નિશ્રામાં અમારું ચાતુર્માસ ઘાટકોપર હિંગવાલાલેનમાં થયું. મારા ગુરુ ભગિનીની પ્રેરણા તથા પ્રભાવથી કેટલાક વિદ્વાનો સાથે મારે પી. એચ. ડી. ના વિષય માટે ચર્ચાઓ થઈ. તદુપરાંત મુંબઈમાં વિદ્વદ્ વર્ય ડો. શ્રી રમણભાઈ શાહ તથા ડો. કલાબેન શાહ સાથે પણ કેટલાક વિષયો પર ચર્ચા વિચારણા થઈ. છેવટે ડો.

રમણભાઈ શાહની પ્રેરણાથી 'અવધૂત યોગી શ્રી આનંદઘનજીનો વિષય લેવા માટે મારું મન ઠર્યું. અને તે માટે મનથી નિર્ણય કર્યો. મારા મનની એક જ ઈચ્છા હતી કે પી. એચ. ડી. નો અભ્યાસ મારા સાધક જીવનમાં વિશેષ ઉપયોગી થાય તેવો હોય તો સારું. વળી બાહ્ય ક્રિયારૂપ સાધના ઉપરાંત અંતરનું પરિવર્તન કરી યથાર્થ સ્વરૂપ દશા પ્રગટ કરવામાં પ્રેરક બને. નિષ્પક્ષ તથા સાંપ્રદાયિક સંકુચિતતાથી મુક્ત હોય તેવા સાહિત્યનું અધ્યયન કરવાનું મળે તો વધુ આનંદ થાય, કારણ કે આત્મજ્ઞાની સંત હૃદય કોઈપણ સંપ્રદાયનાં બંધનમાં રહી ન શકે. મારી તે ઈચ્છા ડો. રમણભાઈની સલાહથી પૂર્ણ થઈ. ડો. રમણભાઈ યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયા છે. એટલે એમના માર્ગદર્શન હેઠળ મારો વિષય રજિસ્ટર કરાવવાનું શક્ય નહોતું. એટલે એમની જ ભલામણથી મેં ડો. કલાબેન શાહના માર્ગદર્શન હેઠળ મુંબઈ યુનિવર્સિટીમાં પી. એચ. ડી. ના વિદ્યાર્થી તરીકે નામ રજિસ્ટર્ડ કરાવ્યું. મારા આ શોધ–પ્રબંધના કાર્યમાં સૌથી વિશેષ સહકાર ડો. રમણભાઈ શાહનો મળ્યો છે. તેઓ પોતાના મુંબઈના જીવનમાં પૂર્ણરૂપેણ વ્યસ્ત હોવા છતાં, મારા માટે સમય ફાળવી મને માર્ગદર્શન આપ્યું છે. ડો. રમણભાઈનો મને સાથ મળ્યો ન હોત તો કદાચ મારું આ વિશાળ કાર્ય આટલું જલદી પાર પડયું ન હોત. કેટકેટલી પ્રવૃત્તિઓથી ઘેરાયેલા હોવા છતાં સમય કાઢી તેમણે મને અભ્યાસમાં ઉત્સાહ આપ્યો છે. તેમની નમ્રવાણી, હૃદયની વિશાળતા ને આંખમાંથી ઝરતી વાત્સલ્ય ધારા એક પિતાની યાદ પણ ભુલાવી દે તેવી છે પ્રેમ અને સ્નેહથી, આદરભાવ જાળવી, મને પ્રેમપૂર્વક અભ્યાસ કરાવ્યો. તેઓશ્રીની આ અતિ વિદ્વતાપૂર્ણ તલાવગાહી નિષ્કામ સેવાને હું કેમ ભૂલી શકું ? મહર્ષિ દયાનંદ કોલેજના પ્રોફેસર ડો. કલાબેન શાહે મારા આ શોધ–પ્રબંધનાં માર્ગદર્શક તરીકે યુનિવર્સિટીની વહીવટી જવાબદારીઓ ઉપાડી લેવા ઉપરાંત જ્યાં જ્યાં અમારો વિહાર તથા ચાર્તુમાસ હોય ત્યાં જાતે આવીને ઘણું કાર્ય કર્યું છે. તેમણે પોતાના મુંબઈના હાડમારી ભરેલા જીવનમાંથી તથા કોલેજનાં બહોળા કાર્યમાંથી સમય કાઢી, મને ઘણું સરસ માર્ગદર્શન આપ્યું છે. તે સહયોગ તથા સેવા પણ કેમ વિસરી શકું ?

પી. એચ. ડી. માટે મારો વિષય રજિસ્ટર કરાવી મેં મારું સંશોધન





કાર્ય શરૂ કર્યું. અવધૂત કવિ આનંદઘનજી વિશે અત્યાર સુધીમાં ઠીક–ઠીક લખાયું છે. એ બધાંનો અભ્યાસ તુલનાત્મક દૃષ્ટિથી મેં કર્યો છે. આનંદઘનજી વિશે આ શતકમાં સૌથી પ્રથમ અને સંગીન કાર્ય કર્યું હોય તો તે શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિએ. પરંતુ એમણે ફક્ત પદોનું જ વિવેચન કર્યું છે. સ્તવનોનું વિવેચન એમણે કર્યું નથી. આનંદઘનજીના સ્તવનો વિશે શ્રી મોતીચંદ કાપડિયાએ ઘણા વિસ્તારથી વિવેચન કર્યું છે. તદુપરાંત એમણે પદોનું વિવેચન પણ કર્યું છે, પરંતુ તે સ્તવનના વિવેચન જેટલું વિસ્તૃત નથી. આ ઉપરાંત શ્રીમદ્ રાજચંદ્ર, શ્રી પ્રભુદાસ પારેખ, શ્રી કુંદકુંદસૂરિ, શ્રી ભુવનભાનુસૂરિ, શ્રી ભુવનરત્નસૂરિ, શ્રી સહજાનંદજી ( હંપીવાળા ), શ્રી બિરાવચંદ જરગડ, ડો. કુમારપાળ દેસાઈ વગેરેએ આખી ચોવીસી ઉપર અથવા છૂટક કોઈ સ્તવન ઉપર વિવરણ કર્યું છે. આ બધા લેખકોની હું અત્યંત ઋણી છું, મારા લેખનમાં એ બધાના નિચોડરૂપે લખવા ઉપરાંત આધ્યાત્મિક દૃષ્ટિથી પણ કેટલુંક તુલનાત્મક વિવેચન મેં કર્યું છે.

આ લેખનકાર્ય કરવામાં વિષય જ એવો છે કે કેટલીક પુનરુક્તિ આવ્યા વગર રહે નહિ. તેમ છતાં શક્ય તેટલી તે નિવારી છે. કેટલેક સ્થળે સ્તવન તથા પદનાં મૂળ શબ્દો એ જ પ્રમાણે રાખ્યા છે, એની જોડણી પણ મૂળ પ્રમાણે રાખી છે ક્યાંક વિદ્વાનોનાં અવતરણોમાં, કેટલાંક અવતરણ ચિહ્નોમાં અનુકૂળતા ખાતર નજીવી છૂટ લીધી છે, જે ક્ષમ્ય ગણાય એવી છે. એમ છતાં ક્યાંય પણ પદ્ધતિની દૃષ્ટિએ અનવધાન દોષથી ક્ષતિ રહી ગઈ હોય તો તે માટે ક્ષમાપ્રાર્થી છું.

મારા આ સંશોધન કાર્યમાં સર્વપ્રથમ હું ઋણી છું મારા ગુરુણીદેવ પૂ. બાપજીની તથા મારા વડિલ ગુરુ ભગિની બા. બ્ર. પૂ. તરુબાઈ મહાસતીજીની. તે બંનેની શુભ આશિષ મારા પર નિરંતર વરસતી રહે છે. તેમજ ૧૯૯૧ માં મારા ગુરુણી સાથે દેવલાલી રાજગૃહી ખાતે ચાતુર્માસ રહેવાનો સુયોગ સાંપડયો. ગુરુણીદેવની મીઠી નજર તથા નાની ગુરુ ભગિનીઓની સેવાથી મારા કાર્યને ઘણો વેગ મલ્યો મને સમયે સમયે પૂ. તરુબાઈ સ્વામી માર્ગદર્શન આપતાં રહ્યાં છે તથા દરેક પ્રકારની અનુકૂળતા કરી આપતાં રહ્યા છે. તદુપરાંત મારાથી નાનાં સાધ્વીરત્ના શ્રી વસુબાઈ સ્વામી, શ્રી સુમિત્રાબાઈ, શ્રી અરુણાબાઈ, શ્રી જયવતીબાઈ, શ્રી મીરાબાઈ,

શ્રી શ્વેતાબાઈ, શ્રી મીતલબાઈ, શ્રી શ્રેયાબાઈ, શ્રી દત્તાબાઈ તથા શ્રુતિબાઈ વગેરેનો પણ મને સવિશેષ સહયોગ મળતો રહ્યો છે. જો તેમનો સાથ તથા સહકાર ન મળ્યો હોત તો આ વિશાળ કાર્ય પાર પાડવું મારે માટે અતિ મુશ્કેલ હતું. શ્રી અરુણાબાઈ, શ્રી મીરાબાઈ તથા શ્રી શ્રુતિબાઈ વગેરેએ મારે માટે જરૂરી એવા જુદી–જુદી લાયબ્રેરીમાંથી પુસ્તકો મંગાવી મને મોકલાવતાં રહ્યાં હતાં, તથા અભ્યાસમાં અધિક સમય મળે તેની કાળજી શ્રી અરુણાબાઈ સવિશેષ રાખતા હતા.

આ બધાંમાં સાધ્વીરત્ના શ્રી શ્રેયાબાઈ એ મને આ કાર્યમાં ઘણો મોટો સાથ અને સહકાર આપ્યો છે. મારા જમણા હાથની માફક તેમણે કામ કર્યું છે. પદોની નકલ કરવાનું તથા આખા મહાનિબંધની છેવટની નકલ તૈયાર કરવાનું તેમણે ભૂખ–તરસ, ઊંઘ કે આરામની પરવાર કર્યાં વિના સતત દોઢ વરસથી મારી સાથે રહીને કામ કર્યું છે અને મારા આ કાર્યને ઘણી સારી રીતે પાર પાડયું છે. તેમની શ્રુત ભક્તિ ભૂલી શકાય નહીં તેવી છે.

મારા આ સંશોધનમાં શ્રી વ. સ્થા. જૈન સંઘ કાંદાવાડી, શ્રી વ. સ્થા. જૈન વાલકેશ્વર સંઘ, શ્રી વ. સ્થા. જૈન ઘાટકોપર ગારોડિયા નગર સંઘે પણ જે સુંદર આર્થિક સહયોગ આપ્યો છે તેની અનુમોદના કરું છું.

મારા આ શોધપ્રબંધ નિમિત્તે એક અથવા અન્ય પ્રકારનો જેમના તરફથી ઉમળકાભર્યો સહયોગ મળ્યો છે. એવા ડો. દિનેશભાઈ ભટ્ટ, શ્રી ગુલાબભાઈ દેઢિયા, શ્રી હસમુખભાઈ અજમેરા, શ્રી ચંપકભાઈ ચત્રભુજ વેકરીવાલા, શ્રી ભોગીભાઈ મોદી, શ્રીમતી ચારુબહેન કિશોરભાઈ મહેતા, શ્રીમતી અનિલાબહેન કાન્તિભાઈ કોઠારી, કુ. બીના દોમડિયા કુ. અમિષા શાહ વગેરે માટે હું હર્ષ વ્યક્ત કરું છું.

મને કહેતાં સવિશેષ આનંદ થાય છે કે મારા આ સંશોધન કાર્યમાં સત્જ્ઞાની એવા શ્રી રાકેશભાઈનું પણ માર્ગદર્શન મળ્યું છે. તદુપરાંત તેમણે થિસિસની ઝેરોક્ષ કરાવી આપવામાં પણ સારી સહાય કરી છે.

મારા આ શોધ–પ્રબંધ નિમિત્તે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કોઈનો સહકારને સદ્ભાવ સાંપડયો છે તે સર્વેની હું કૃતજ્ઞભાવે અનુમોદના કરું છું.

છદ્મસ્થ અવસ્થાના યોગે આ શોધ નિબંધમાં કોઈ પણ સ્થાને





ક્ષતિ રહી ગઈ હોય તથા કોઈ સ્થાને વિષયની કે વાક્યની પુનરુક્તિ થઈ હોય તો તે બદલ ક્ષમા યાચું છું. લેખન કાર્યમાં ક્યાંય પણ જિનાજ્ઞા વિરુદ્ધ લખાણ થયું હોય તો અનંત સિદ્ધો તથા ગુરુ ભગવંતની સાક્ષીએ મિચ્છામિ દુક્કડં કરું છું.

કવિશ્રી આનંદઘનની વાણી ઉપર ચિંતન તથા સ્વાધ્યાય કરવાનો જે અમૂલ્ય અવસર મને મલ્યો હતો. તે હવે મળવો મુશ્કેલ છે માટે જ કવિ કહે છે,

'બેહેર બેહેર નહિ આવે, અવસર બેહેર બેહેર નહિ આવે.'

સાધ્વી જસુબાઈ મહાસતીજી

## ખંડ-૧ પ્રકરણ-૨
## આનંદઘનજીનું જીવનવૃત્તાન્ત

આધુનિક સમયમાં ઘણા લેખકો પોતાની સળંગ આત્મકથા લખે

છે. કેટલાક લેખકો સ્વાનુભવના પ્રસંગો લખે છે. આત્મકથાના સ્વ[redacted]નો વિકાસ ઓગણીસમી અને વીસમી સદીમાં ઘણો થયો છે. જીવન[redacted]રિત્ર લખવાની પ્રથા પણ આ બે સૈકામાં ઘણી વિસ્તાર પામી છે. મુદ્રણક[redacted]ર્યની સુલભ[redacted]નેક ગદ્યકૃતિઓ દુનિયાની તમામ ભાષાના સાહિત્યમાં લખાવા લાગી છે. આથી સ્વભાવિક રીતે જ કેટલાક લેખકો આત્મચરિત્ર લખવા પ્રેરાય છે.

પ્રાચીન અને મધ્યકાલીન સમયમાં જ્યારે મુદ્રણકાર્યની શોધ થઈ નહોતી અને કૃતિઓ હસ્તપ્રતોમાં લખાતી હતી, ત્યારે શબ્દનું મહત્ત્વ ઘણું હતું. કૃતિઓ બહુધા પદ્યમાં લખાતી. વળી, આત્મકથાત્મક કૃતિઓનું બહુ ગૌરવ થતું નહિ, કારણ કે તેમાં આત્મશ્લાઘા આવી જવાનો ભય રહેતો. સવિસ્તર જીવનચરિત્રો લખવાની પણ પ્રથા નહોતી, કારણ કે કવિ-લેખકોને અને વાચકો-શ્રોતાઓને સારભૂત તત્ત્વ સાથે વધુ નિસ્બત હતી. માત્ર મનોરંજનાર્થે સાહિત્ય એકંદરે ઓછું લખાતું. જીવનોપયોગી, માર્ગદર્શક, પ્રેરક, ઉદ્‌બોધક સાહિત્યનો મહિમા સમાજમાં સવિશેષ હતો. આથી જ સ્થૂળ જીવનની નાની નાની વિગતોની આધારભૂત માહિતી લખી લેવાની કે સંઘરવાની વૃત્તિ એકંદરે લોકોમાં ત્યારે ઓછી હતી. વળી જે કંઇ આધારભૂત માહિતી ઉપલબ્ધ હોય તે શ્રવણ પરંપરામાં કાળક્રમે થોડી-વધુ લુપ્ત થઈ જતી. આથી જ ભારતના મધ્યકાલીન સંતો, કવિઓ, શ્રેષ્ઠીઓ, સમાજનેતાઓ વગેરે વિશે આધારભૂત માહિતી અલ્પ પ્રમાણમાં ઉપલબ્ધ છે. સાલવટરીની બાબતમાં તો ઘણી અનિશ્ચિતતા પ્રવર્તતી હોય છે. અલબત્ત, સંતોના જીવનની આસપાસ ચમત્કાર ભરેલી ઘણી દંતકથાઓ પ્રચલિત બની જતી હોય છે. એ દરેકમાં તથ્ય કેટલું હોય છે એ સંશોધનનો પ્રશ્ન રહે છે. જ્યારે આવી સ્થિતિ પ્રવર્તતી હોય છે ત્યારે ચરિત્રનાયક વિશે શક્ય તેટલી માહિતી મેળવવા જે પ્રયત્ન કરવો પડે છે તેમાં બાહ્ય અને





આંતર પ્રમાણો ઉપર આધાર રાખવો પડે છે.

કવિ આનંદઘનજીનો જીવનકાળ તે અકબર બાદશાહના જીવનના અંતિમ વર્ષો અને જહાંગીર બાદશાહનો શાસનકાળ. એ કાળ ભૌતિક દૃષ્ટિએ સુખ, શાંતિ, સલામતી અને સમૃદ્ધિનો કાળ હતો. હિન્દુ અને મુસલમાન લોકો વચ્ચે ધાર્મિક વૈમનસ્ય રહ્યું ન હતું. જૈનો તો અહિંસાના પૂજારી એટલે સુસંવાદી જીવનના હિમાયતી કહેવાય. આવા આ કાળમાં દેખીતી રીતે જ શાસનકર્તાઓની જીવન પ્રણાલીનો પ્રભાવ લોકોના જીવન ઉપર પડે. એક ફક્ત ભાષાની દૃષ્ટિએ જ વિચારીએ તો અરબી-ફારસી ભાષા યવનોની ભાષા ગણાય. સંસ્કૃતના હિમાયતી હિન્દુ પંડિતો માટે તો તે સર્વથા વર્જ્ય ગણાય. પરંતુ આનંદઘનજીના સમયમાં આવો ભાષા-વિરોધ રહ્યો ન હતો. તેથી એ કાલમાં કેટલાયે કવિઓની કવિતાની ભાષા ઉપર અરબી-ફારસી ભાષાની ઘણી મોટી અસર પડી છે. આનંદઘનજી, યશોવિજયજી, સમયસુંદર, ગુણવિનય, સહજસુંદર વગેરે તાત્કાલીન ઘણા કવિઓની કૃતિઓમાં કેટલાયે અરબી ફારસી શબ્દો આવે છે. એનો અર્થ એ થયો કે અરબી ફારસી ભાષાને માત્ર જીવન-વ્યવહારમાં જ સ્થાન ન મળતાં કવિતાઓમાં પણ પ્રતિષ્ઠાભર્યું સ્થાન મળી ગયું હતું. આનંદઘનજીનાં સ્તવનોમાં અને વિશેષતા પદોમાં આપણને અરબી ફારસી શબ્દો જોવા મળે છે.

દિલ્હીની ગાદી ઉપર બાબરથી શરૂ કરીને મોગલ બાદશાહોએ જે સામ્રાજ્ય વિસ્તાર્યું તે રાજસ્થાન અને ગુજરાત સુધી વિસ્તર્યું હતું. મોગલ બાદશાહોમાં સુવર્ણકાળ તે અકબર બાદશાહનો ગણાય છે. અકબરના પુત્ર જહાંગીરના સમયમાં પણ આ પરંપરા સારી રીતે જળવાઈ રહી હતી. બાબરનો સમય તે સંઘર્ષનો સમય હતો. અકબર અને જહાંગીરનો સમય શાંતિ અને સમૃદ્ધિનો કાળ હતો. શાહજહાંનો ઉત્તરકાળ અને ઔરંગજેબનો જીવન કાળ તે ફરી સંઘર્ષનો સમય બની ગયો હતો. શહેનશાહ અકબરનો કાલ સુવર્ણયુગ તરીકે બની ગયો, કારણ કે તેના મૂળમાં અકબરની ઉદાર ધર્મદૃષ્ટિ હતી. અકબર બાદશાહના દરબારમાં હિન્દુ પંડિતો, કલાકારો અને ધર્માચાર્યોને માનભર્યું સ્થાન હતું. તેવી જ રીતે અકબર બાદશાહ ઉપર તેમના ઉત્તર જીવનમાં જૈન આચાર્યોનો ઘણો મોટો પ્રભાવ પડયો

હતો. શ્રી હીરવિજયસૂરિને અકબર બાદશાહે પોતાના દરબારમાં પધારવા માટે ઠેઠ ગંધાર ( કાવી પાસે ) નિમંત્રણ મોકલાવ્યું હતું. હીરવિજયસૂરિ પાદ વિહાર કરીને દિલ્હી પહોંચ્યા હતા. તેમણે અકબર બાદશાહને પ્રતિબોધ કર્યો હતો. જ્યારે હીરવિજયસૂરિ વિહાર કરી ગુજરાત તરફ પાછા ફરવાનો વિચાર કરે છે, ત્યારે અકબર બાદશાહની વિનંતીથી પોતાના તેજસ્વી શિષ્ય શાંતિચંદ્ર ઉપાધ્યાયને થોડો વધારે સમય અકબર બાદશાહ પાસે રોકાવાનું કહે છે. શાંતિચંદ્ર પણ તપસ્વી અને સાધક હતા. તેમના પ્રભાવથી અકબર બાદશાહનું વલણ જૈનધર્મ તરફ વધુ અને વધુ ઢળતું ગયું હતું, તે એટલી હદ સુધી કે અકબર બાદશાહ જીવનના છેલ્લાં વર્ષોમાં શુદ્ધ શાકાહારી બની ગયા હતા. એક માંસાહારી મુસલમાન બાદશાહ જૈન સાધુઓના પ્રભાવથી શાકાહારી બને એ ઘટના કાલ્પનિક નથી, પણ ઐતિહાસિક છે. આ ઘટનાનો ઉલ્લેખ અંગ્રેજ ઇતિહાસકારોએ પોતાના ઇતિહાસમાં કર્યો છે અને ખુદ મુસલમાન ઇતિહાસકારોએ પણ આ ઘટનાનો સ્વીકાર કર્યો છે.

આવા આ કાળમાં ઉપાધ્યાય યશોવિજયજી આનંદઘનજી, સત્યવિજયજી, સમયસુંદર વગેરે ખ્યાતાનામ કવિઓ જૈન પરંપરામાં થઈ ગયા.

## આનંદઘનજીનો જન્મકાળ:–

સત્‌ના પિપાસુ સાધકો, સત્‌ને પામવા માટે સત્‌ની શોધમાં જેમ બાહ્યદૃષ્ટિએ દુનિયાની વિવિધ દિશાઓમાં ઘૂમે છે તેમ આભ્યંતર દૃષ્ટિએ આત્માના અતલ ઊંડાણમાં ચાલ્યા જાય છે. સ્વાધ્યાય એ એમનું વસન અને ધ્યાન એ જ એમનું ભોજન બને છે. આવા સંતોની ઓળખ તેમના દેહથી કે દૈહિક ક્રિયાથી નહીં, પણ તેમનાં જ્ઞાનથી થાય છે. માટે જ કબીરે કહ્યું છે,

**જાતિ ન પૂછો સાધુ કી, પૂછ લીજીએ જ્ઞાન,**
**મોલ કરો તરવાર કા, પડી રહન દો મ્યાન.**

તરવારની કિંમત તેની ધારથી થાય છે, નહિ કે તેના મ્યાનથી, તેવી





રીતે સાધુસંતોની કિંમત તેમના સ્થૂલ જીવનથી કે ક્રિયાથી નહીં, પણ ક્રિયા કરનાર અખંડ આત્મતત્ત્વથી થાય છે.

અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજના જન્મકાળ વિષે તથા જન્મ સ્થળ વિષે જુદા જુદા મત પ્રવર્તે છે, કારણ કે તે વિશે નક્કર પુરાવા મળતા નથી.

આનંદઘનજીના જન્મસ્થળ કે જીવનકાળ વિશે કોઈ બાબત કે આંતરિક પ્રમાણો હજુ સુધી મળ્યાં નથી. કોઈ પાદુકા, કોઈ શિલાલેખ કે કોઈ ચરિત્રકૃતિ તેમના વિશે ઉપલબ્ધ નથી. આનંદઘનજીએ પોતે પણ પોતાની કૃતિઓમાં પોતાના જીવન વિશે કોઈ ઉલ્લેખ કર્યો નથી. તેમણે તેમાં પોતાના ગુરુનું કે ગુરુબંધુનું કે પાટપરંપરાનું કે કૃતિના સર્જનના સ્થળનું નામ પણ લખ્યું નથી. એટલે એ વિશે તર્ક અને અનુમાનને આધારે જ કેટલીક બાબતો વિચારવાની રહે છે.

શ્રી આનંદઘનજી વિક્રમના સત્તરમાં સૈકામાં થયા હતા એ હકીકત નિર્વિવાદ છે, કારણ કે તેઓ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના સમકાલીન હતા એમ ઉપાધ્યાયજીએ એમને વિશે લખેલી અષ્ટપદી ઉપરથી સ્પષ્ટ થાય છે, શ્રી ઉપાધ્યાય યશોવિજયજી વિક્રમના સત્તરમાં સૈકામાં થઈ ગયા. આથી કવિશ્રી આનંદઘનજીના જન્મકાળનો નિર્ણય કરવા સર્વ પ્રથમ આપણે 'ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના જન્મકાળ પર દૃષ્ટિ કરવી ઘટે. વર્તમાનકાલીન શ્રી યશોવિજયજી મહારાજ ( શ્રી યશોદેવસૂરિ ) લખે છે કે ' ઉપાધ્યાય શ્રી યશોવિજય મહારાજનો જન્મ ગુજરાતનાં કલોલ ગામની નજીક કનોડુ ગામમાં વિક્રમના સત્તરમાં સૈકાના ઉત્તરાર્ધમાં થયો હતો.'[1] 'મુનિશ્રી કાન્તિવિજયજીકૃત સુજસવેલી ભાસ'માં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના જીવનની ઘણી વિગતો મળે છે.'[2]

શ્રી મોતીચંદ કાપડિયા લખે છે કે 'શ્રી યશોવિજયજી સંબંધી કેટલીક હકીકત લભ્ય છે. તેઓશ્રીનો દેહોત્સર્ગ ડભોઈ શહેરમાં વિક્રમ સંવત ૧૭૪૫ ના માગશર સુદ અગિયારસે થયો એમ તેઓશ્રીની પાદુકાના લેખથી જણાય છે. આ પરથી વિચારતાં તેઓનો જન્મ સમય સંવત

૧ શ્રી યશોવિજય સ્મૃતિગ્રંથ સંપા=મુનિવર યશોવિજયજી. પૃ: ૨૧
૨ 'જંબૂસ્વામી રાસ' સંપા=ડો. રમણલાલ ચી. શાહ પૃ. ૧૩૯

૧૬૭૦થી સંવત ૧૬૮૦ સુધીમાં હોવાનું અનુમાન થાય છે.'[1] આ ઉપરથી જણાય છે કે શ્રી આનંદઘનજી પણ સત્તરમાં સૈકામાં વિદ્યમાન હશે. લાભાનંદ એ આનંદઘનજીનું મૂળ નામ હતું. ક્રિયા ઉદ્ધારક શ્રી સત્યવિજયજીના લાભાનંદ નાના ભાઈ હતા તે વાત 'શ્રી સમેતશિખર તીર્થના ઢાળિયામાં' કહેલ છે તે પરથી જણાય છે; સિવાય કે લાભાનંદ નામના બે સાધુઓ એ કાળે થઈ ગયા હોય. જુઓ:

'ઇમ કહી સ્વર્ગ સધાયા સૂરિવર, સંઘને વાત સુણાવીજી,
સત્યવિજય પન્યાસની આણા, મુનિ ગણમાં વરતાવીજી
સંઘની સાથે તેણે નિજ હાથે, વિજય પ્રભસૂરિ થાયિજી,
ગચ્છ નિશ્રાએ ઉગ્ર વિહારી, સંવેગતા ગુણ વ્યાપીરે' [2]
તેમના લઘુભાઈ લાભાનંદજી તે પણ ક્રિયા ઉદ્ધારકજી.

આમ જો લાભાનંદ તે કવિશ્રી આનંદઘનજી જ હોય તો આનંદઘનજી કરતાં સત્યવિજયજી મોટા હતા. સત્યવિજયનો સ્વર્ગગમનસમય નિશ્ચિત છે, કારણ કે તેમના દેહોત્સર્ગ પછી 'એક માસમાં કવિશ્રી જિનહર્ષે 'નિર્વાણરાસ' ની રચના કરી છે. તેમાં થયેલા ઉલ્લેખ પ્રમાણે સત્યવિજયના સ્વર્ગગમનનો દિવસ તે સંવત ૧૭૫૬ પોસ સુદ ૧૨ ને શનિવાર છે.[3] આટલી હકીકત પરથી શ્રી યશોવિજયજી મહારાજ તથા સત્યવિજયનો સમય નિર્ણિત થાય છે. ઉપાધ્યાયજી જેવા વિદ્વત્‌રત્ન શ્રી આનંદઘનજીને અત્યંત આદર આપતા હતા, તેથી અનુમાન થાય છે કે શ્રી યશોવિજયજી કરતાં આનંદઘનજી ઉંમરમાં મોટા હોવા જોઈએ. આનંદઘનજીની ઉચ્ચ આધ્યાત્મિક દૃષ્ટિ અને યોગાભ્યાસની હકીકતો જોતાં વિક્રમ સંવત ૧૬૬૦ માં તેમનો જન્મ થયો હતો અને ૧૭૨૦ થી ૧૭૩૦ માં તેઓ કાળધર્મ પામ્યા હોય એમ જણાય છે. 'સત્યવિજયજી ક્રિયા ઉદ્ધાર કરી, ઘણાં વરસ સુધી આનંદઘનજી સાથે વનવાસમાં રહ્યા હતા તેમ આત્મારામજી મહારાજ 'જૈન તત્ત્વાદર્શમાં' બતાવે છે. [1]

આચાર્ય ક્ષિતિમોહનસેન આનંદઘનજીનો જન્મ વિ. સં. ૧૬૧૫

૧ આનંદઘન પદ્ય રત્નાવલી શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા પૃ. ૩૦
૨ આનંદઘન એક અધ્યયન ડો. કુમારપાળ દેસાઇ. પૃ. ૩ અને ૧૭
૩ જૈન રાસમાળા પ્રથમ ભાગ પૃ. ૧૧૬





અને દેહોત્સર્ગ વિ. સં. ૧૭૩૨ દર્શાવે છે, પરંતુ તે કાળ સ્વીકાર્ય જણાતો નથી. 'શ્રી આનંદઘનજીનો જન્મકાળ અષ્ટપદીના આધારે માનવામાં આવે તો ડો. વાસુદેવ સિંહ એવો જુદો નિર્ણય તારવે છે કે જો ઉપાધ્યાય યશોવિજયજીનો દેહોત્સર્ગ વિ. સં. ૧૭૪૫ માં થયો હતો અને જો આનંદઘનજીનો દેહોત્સર્ગ ૧૭૩૨માં થયો હોય તો ઉપાધ્યાય યશોવિજયજીએ શ્રદ્ધેય આનંદઘનજીનાં દેહોત્સર્ગ વિશે સ્વાભાવિક રીતે પોતાનો વિષાદ પોતાની કવિતામાં પ્રગટ કર્યો હોય. પરંતુ યશોવિજયજી એ આવો કોઈ શોક વ્યક્ત કર્યો નથી. આથી ડો. વાસુદેવસિંહ આનંદઘનજીનો દેહોત્સર્ગ ઉપાધ્યાય યશોવિજયજી પછી વિ. સં. ૧૭૪૫ પછી થયેલો માને છે.' [2]

'શ્રી વિશ્વનાથ પ્રસાદ મિશ્રે આનંદઘનજીનો સમય વિ. સં. ૧૭૦૦ની આસપાસનો માન્યો છે.'[3] શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ વિ. સં. ૧૬૫૦ થી ૧૭૧૦ સુધી અવશ્ય તેઓ વિદ્યમાન હશે એમ માને છે. આ બધી વાતો પરથી જો ઉપાધ્યાય યશોવિજયજીનો જન્મ આશરે ૧૬૭૦ માનવામાં આવે તો આનંદઘનનો જન્મ આશરે ૧૬૬૦ ગણી શકાય. ડો. કુમારપાળ દેસાઇના મત આનંદઘનજી વિ. સં. ૧૬૬૦ થી વિ. સં. ૧૭૩૦ સુધી હયાત હશે એમ માની શકાય.

## આનંદઘનજીની જન્મભૂમિ:–

કવિશ્રી આનંદઘનજીની જન્મભૂમિ કઇ હતી ? તેઓ કઇ જ્ઞાતિના હતા ? કોના પુત્ર હતા ? વગેરે વિશે આધારભૂત હકીકતો મળતી નથી. કોઈ રાસરૂપે કે ચરિત્રરૂપે પણ કોઈએ લખી નથી. તેથી તેમના વિશે ઘણી ખરી માહિતી અનુપલબ્ધ જ છે. અલબત્ત, તેમના સંબંધમાં લોકોમાં અનેક કિંવદન્તિઓ પ્રચલિત હતી, પણ આ બધી વાતો અવ્યવસ્થિત આકારમાં મળે છે. વળી તે માટે વિદ્વાનોમાં પણ જુદાં જુદાં મત પ્રવર્તે છે.

૧ [illegible] ૧
૨. [illegible]
૧૦૪ [illegible] ૧૦૬
૩. [illegible] ૧૫

કોઇ પદોની કે સ્તવનોની ભાષાને આધારે જન્મભૂમિનો નિર્ણય કરે છે, પણ ભાષાના આધારે કોઈ કવિનું જન્મ સ્થળ શોધવું તે ઘણું અઘરું કામ છે વળી આનંદઘનજીએ પોતે સ્વહસ્તે કોઈ પદ–કૃત્તિ કે સ્તવનકૃતિની હસ્તપ્રત લખી હોય તેવી કોઈ હસ્તપ્રત મળતી નથી. જેમ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના હસ્તાક્ષરની પ્રતો મળે છે તેમ આનંદઘનજીના હસ્તાક્ષરની કોઈ પ્રત મળતી નથી.

કવિની ભાષાના આધારે જન્મસ્થળની વિચારણા કરતાં શ્રી મનસુખભાઈ રવજીભાઈ મહેતા લખે છે કે ‘તેઓનું હિન્દી ગુજરાતીના મિશ્રણ છતાં ઉત્તરહિન્દના મૂળ વતનીને મળતું હોય તો તેઓનો જન્મ ઉત્તર હિન્દના કોઈ ભાગમાં થયો હોય, નાની વયમાં ઉત્તરહિન્દના પ્રદેશમાંથી નીકળી ગુજરાતી ભાષા બોલતા એવા પ્રદેશમાં તેઓ હોવા જોઈએ.’[૧] શ્રી આનંદઘનએ પ્રથમ સ્તવનોની રચના કરી પછી પદો રચ્યા હશે એવું અનુમાન કરી શ્રી બુદ્ધિસાગરસૂરિ કહે છે કે ‘ગુર્જર દેશમાં તેમનો જન્મ થયો હોય એમ અનુમાનો વડે નિર્ણય થાય છે.’[૧] ‘ડો. મદનકુમાર જાની એવું અનુમાન કરે છે કે તેઓનો જન્મ ગુજરાતમાં થયો હોય તેવો વિશેષ સંભવ છે. કારણ કે આનંદઘનજીએ કૃતિઓમાં વિશેષપણે શુદ્ધ ગુજરાતી ભાષા અને લોકભાષાના શબ્દોનો સુંદર ઉપયોગ કર્યો છે તે જોવામાં આવે છે.’ [૨]

પરંતુ સંતોના સાહિત્યની ભાષાને આધારે તેમના જન્મસ્થળને શોધવું તે બરાબર નિર્ણાયક ન થઈ શકે, કારણ કે સંતો કોઈ એક સ્થાને સ્થિર રહેતા નથી. તેમની વિહારયાત્રા ચાલતી હોવાને કારણે અનેક પ્રાંતીય ભાષાની અસર તેમની ભાષામાં તથા સાહિત્યમાં મળે છે. બીજી નોંધપાત્ર બાબત એ છે કે જે લહિયાએ હસ્તપ્રત લખી હોય તો લહિયાના પ્રદેશની અસર પણ એના લખાણમાં આવી શકે છે. લોકવ્યાપક બનેલા કવિશ્રીનાં પદો કે સ્તવનોની હસ્તપ્રતોમાં તે સમયની ભાષાની લઢણો

૧ જૈન કાવ્ય દોહન ભા. ૧ શ્રી મનુસુખલાલ રવજીભાઈ મહેતા પૃ. :૧૫
૧. આનંદઘન પદ સંગ્રહ આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજ. પૃ. ૧૨૪
૨. राजस्थान एवं गुजरातके मध्यकालिन–
संत एवम् भक्तकवि। –डो मदनकुमार जानी पृ. १९०।





અનાયાસે આવી જવા પામી છે.

‘આનંદઘન બાવીસી’ ની હસ્તપ્રતોમાં ગુજરાતી ભાષાનો મરોડ ધરાવતી અને રાજસ્થાનીભાષાનો મરોડ ધરાવતી એવી ભાષા ભૂમિકાના બે પ્રવાહે સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ રીતે સ્તવનો કે પદોની ભાષા પરથી આનંદઘનજીનું જન્મસ્થાન કે જન્મપ્રદેશ તારવવાનું કામ ઘણું મુશ્કેલ છે તો પણ કેટલાંક અનુમાનો થયાં છે. શ્રી મોતીચંદ કાપડિયાના મત પ્રમાણેઃ– ‘આનંદઘનજી’ નો જન્મ બુંદેલખંડમાં થયો હતો. બુંદેલખંડમાં હિન્દી તથા મારવાડીના વર્ણસંકર જેવી ભાષા જે હાલમાં પણ વપરાય છે. આ ભાષાનો મોટો ભાગ તેમના પદોમાં જોવા મળે છે. સ્તવનોમાં પણ તેની છાયા સ્પષ્ટ જણાય છે.’[૧] જેમકે **जैसा दावा परे पासेका ‘स्याह न तोरी जोरी’** પદોમાં આ શબ્દ પ્રયોગ થયો છે તેવી રીતે

‘भाव विवेक के पाउ न आवत
आनंदघन प्रभु पाउ देखावत्’
आम ढिग, चेडी, ढवकाय, धरियारी, बाउरे,

**करेरी, धरेरी निहचै परैरी** વગેરે શબ્દો મારવાડી તથા બુંદેલખંડી હિન્દીમાં હોય તેવું લાગે છે. અને એ પરથી તારણ કાઢી શકાય કે આનંદઘનજીનો જન્મ બુંદેલખંડમાં થયો હોવો જોઈએ.

આનંદઘનજીના જીવનને જાણવા, સત્ય–વિજયગણિના જીવનની હકીકતો ઉપયોગી થશે તેથી મોહનલાલ દલીચંદ દેસાઇ લખે છે કેઃ– ‘પં. સત્યવિજયગણિની જન્મ સંવત કે દીક્ષા સંવત મળતી નથી, પરંતુ અનુમાનથી જન્મ સંવત આશરે વિ. સં. ૧૬૫૬ ગણવામાં આવે છે. લાડલુંના ડુગળ ગોત્રના ઓશવાલ શાહ વીરચંદની પત્ની વીરમદેવી કૂખે તેમનો જન્મ થયો, એમનું શિવરાજ નામ હતું.’[૨] તેમણે ચૌદ વર્ષની ઉંમરે તપાગચ્છમાં દીક્ષા લીધી હતી અને દીક્ષા પછીનું નામ સત્યવિજયજી આપવામાં આવ્યું હતું.

શ્રી મોતીચંદ કાપડિયા લખે છે કેઃ– ‘પં. સત્યવિજયજી શુદ્ધ ક્રિયાના ચાહક હતા અને ઉપદેશમાં ત્યાગ અને વૈરાગ્ય પર ભાર મૂકતા હતા.

૧. આનંદઘન પદ સંગ્રહ ભા. ૧ મોતીચંદ ગિરધરલાલ કાપડિયા
૨. જૈન ઐતિહાસિક રાસમાળા ભા.૧ સંશોધક=મોહનલાલ દલીચંદ દેસાઇ. પૃ.: ૩૭

તેઓ મેડતા, નાગોર જોધપુર, સોજત તથા સાદડી વગેરે પ્રદેશમાં વધુ વખત વિચર્યા હતા અને એ તરફ ઘણા ચાર્તુમાસ ગાળ્યાં હતાં. પં. સત્યવિજયગણિએ વિ. સં. ૧૭૫૪માં અમદાવાદમાં અને વિ. સં. ૧૭૫૫ માં પાટણમાં ચોમાસું કર્યું વિ. સં. ૧૭૫૬ માં પોષ મહિનામાં તેઓ બીમાર પડયા. પાંચ દિવસ બીમાર રહ્યા અને સં. ૧૭૫૬ માં પોષ મહિનામાં પાટણમાં અનશન સ્વીકારી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.'[૧]

શ્રી મોતીચંદ કાપડિયાએ બુંદેલખંડમાં જન્મેલા શ્રી ગંભીરવિજયજી પાસેથી આનંદઘનજીનાં પદો અને સ્તવનોનો ભાવાર્થ સાંભળ્યો હતો. શ્રી ગંભીરવિજયજી આનંદઘનજીની ભાષાને સારી રીતે સમજી શકતા હતા, આથી આનંદઘનજીનો જન્મ બુંદેલખંડમાં થયો હશે તેમ માનવા શ્રી ગંભીરવિજયજી પ્રેરાયા હતા. અને તે પ્રમાણે શ્રી મોતીચંદ કાપડિયા પણ માનતા હતા.'[૨]

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ લખે છે કે 'હિન્દુસ્તાનમાં ( મારવાડ ) જેનો જન્મ થયો હોય તે ગુજરાતી ભાષામાં ઘરગથ્થુ શબ્દોનો ઉપયોગ કરી શકે નહિ. કદાપિ મારવાડમાં જન્મ થયો હોય એમ માની લઈએ તો ચોક્કસ એ પ્રમાણે નહીં કહી શકાય અને જો તેઓ મારવાડના હોય તો ગુજરાતી ભાષાના મારવાડી શબ્દોના મિશ્રણ વિનાની ચોવીશી લખી શકે નહિ. તેથી અનુમાન થાય છે કે ગુજરાતમાં જન્મ્યા વિના ગુજરાતી ભાષાના ઘરગથ્થુ શબ્દો વાપરવામાં મુશ્કેલી પડે. મારવાડ દેશમાં જન્મ હોય અને દીક્ષા ગ્રહણ કર્યા પછી ઘણાં વર્ષ પર્યંત ગુજરાત દેશમાં રહ્યા હોય. અને એ અરસામાં ચોવીશીની રચના કરી હોય તો કવિશ્રીની રચનામાં ઘરગથ્થુ શબ્દોની પેઠે મારવાડી ગરગથ્થુ શબ્દોના પ્રયોગથી તે ગુજરાતના હોય તેમ સિદ્ધ થાય છે, વળી કવિશ્રીનું દીક્ષા પછી પ્રથમ વિચરણ ગુજરાત દેશમાં થયું હશે. તથા ઘણાં કાળ સુધી ત્યાં વિચર્યા હશે એમ લાગે છે.'[૧]

'શ્રી નટવરલાલ વ્યાસ અનુમાન કરે છે કે આનંદઘન ગુજરાતમાં જન્મ્યા હશે અથવા તો ગુજરાતમાં લાંબા સમય સુધી રહ્યા હશે.'[૨]

---

૧. આનંદઘન પદ સંગ્રહ ભા. ૧ મોતીચંદ ગિરધરલાલ કાપડિયા પૃઃ ૭૮

૨. આનંદઘન જીવન અને કવન ડો. કુમારપાળ દેસાઇ પૃઃ ૨૪





'ડો. મદનકુમાર જાની પણ એવું અનુમાન કરે છે કે તેઓનો જન્મ ગુજરાતમાં થયો હોય એવો વિશેષ સંભવ છે.'[૩]

'મોહનલાલ દલીચંદ દેસાઇના મત પ્રમાણેઃ શ્રી સમેત શિખરતીર્થના ઢાળિયામાંથી મળેલી માહિતીના પ્રકાશમાં એમના જન્મ સ્થાનનો વિચાર કરીએ તો એમ જ થાય છે કે કવિશ્રીનાં મોટાભાઈ પન્યાસ સત્યવિજયજીનો જન્મ લાડલું ગામમાં થયો હતો. આ લાડલું ગામ માળવા તરીકે ઓળખાતા સપાદલક્ષ દેશમાં આવેલું હતું આથી આનંદઘનજીનો જન્મ પણ એ જ સ્થળે થયો હોય અને પછી એમણે સત્યવિજયજીની માફક રાજસ્થાનમાં લાંબો સમય વિહાર કર્યો હોય એમ અનુમાન કરી શકાય છે.'[૪]

આ રીતે જોતાં શ્રીમદ્ આનંદઘનજીના જન્મ સ્થળ વિષે વિદ્વાનોમાં વિવિધ મતભેદ નજરે પડે છે. સૌરાષ્ટ્ર, ગુજરાત, બુંદેલખંડ, ઉત્તરહિન્દ, રાજસ્થાન વગેરે સ્થળોનાં અનુમાનો વિદ્વાનો દ્વારા કરવામાં આવ્યાં છે પરંતુ આનંદઘનજી રાજસ્થાનના હોય તેવી શક્યતા વિશેષ છે કારણ કે માણસ પોતાની જન્મભૂમિ છોડી ગમે તેટલો દૂર વસે પરંતુ તેના બોલવામાં જન્મભૂમિની ભાષાનાં લક્ષણો ક્યાંક ક્યાંક ક્યારેક આવી જાય છે. ભાષાકીય દ્દષ્ટિએ જોતાં આજુબાજુના પ્રાંતની ભાષાનો પ્રભાવ બોલચાલની બોલી પર પડયા વિના રહે નહીં. માટે ભાષાની દ્દષ્ટિથી જોતાં તેઓ મારવાડના હશે, ગુજરાતના નહિ એમ જણાય છે.

## માતા-પિતા, જન્મનામ, દીક્ષાનામઃ-

શ્રી આનંદઘનજીનાં માતા-પિતા વિષે આજ સુધી કોઈ આધારભૂત માહિતી મળી નથી, પણ ડો. કુમારપાળ દેસાઇ અનુમાન કરતાં લખે છે કે, 'જો સત્યવિજયજી આનંદઘનજીના મોટા ભાઈ હોય તો જે માતા-પિતા

---

૧. આનંદઘન પદ ભાવાર્થ. ભા. ૨. શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ. પૃ.ઃ૭

૨. गुजरात के कवियोंकी हिन्दी- डो. नटवरलाल व्यास પૃ.ઃ ૩૫ -काव्य साहित्यका देन. प्रथम संस्करण

૩. राजस्थान एवं गुजरात के मध्य- डो. मदनकुमार પૃ. ૧૯૦ -कालीन संत एवं भक्त कवि.

૪. જૈન ઐતિહાસિક રાસમાળા. સંશોધક-મોહનલાલ દેસાઇ પૃ.ઃ ૩૭

સત્યવિજયજીનાં તે જ માતા-પિતા કવિશ્રીનાં પણ હોવાં ઘટે. સત્યવિજયજી ઓશવાલ શાહ વીરચંદ અને તેની પત્ની વીરમદેની કૂખે જન્મ્યા હતા.' [1] જો સત્યવિજયજી આનંદઘનજીના સગાભાઈ હોય તો આનંદઘનજીનાં માતા-પિતા પણ એને જ ગણી શકાય.

જેમ સત્યવિજયજીનું ગૃહજીવનમાં નામ શિવરાજ હતું. તેમ આનંદઘનજીનું દીક્ષા નામ લાભાનંદ હતું અને 'આનંદઘન' એમનું ઉપનામ હતું. અધ્યાત્મ યોગી, એકલવિહારી આનંદઘનજીએ પોતાની ઓળખ એક પદમાં નીચે પ્રમાણે અનોખી રીતે આપી છે.

**મેરે પ્રાન આનંદઘન, તાન આનંદઘન,**
**માત આનંદઘન, તાત આનંદઘન...મેરે.**
**ગાત આનંદઘન, જાત આનંદઘન...મેરે.**
**રાજ આનંદઘન, કામ આનંદઘન,**
**આજ આનંદઘન, લાભ આનંદઘન...મેરે.**
**આભ આનંદઘન, ગાભ આનંદઘન,**
**નામ આનંદઘન, લાભ આનંદઘન...મેરે.**

એમની ચોવીશી પર સ્તબક લખનાર શ્રી જ્ઞાનવિમલસૂરિ બાવીસ સ્તવનોના સ્તબકને અંતે લખે છે કેઃ 'લાભાનંદ કૃત તવન એતલા ૨૨ દીસઇ છઇ. યદ્યપિ હસ્યેં તોહઇ આપણ હસ્તે નથી આવ્યા. અને આનંદઘનની સંજ્ઞા તે સ્વનામની કરી છઈ. એહવું વિંગ ( વ્યંગ્ય ) સ્વરૂપ મૂકયાથી જણાઇ છઇ તે જાણવું.' [1] શ્રીમદ્ દેવચંદ્રજી 'વિચાર રત્નસાર' પુસ્તકમાં 'પ્રવચન અંજન સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન' આ અવતરણ ટાંકીને એવું શ્રી લાભાનંદજીએ કહ્યું છે એમ લખ્યું છે. જેમ શ્રી કર્પૂરવિજયજીએ પોતાના પદોને 'ચિદાનંદ બહોંતેરી' એવું નામ આપ્યું છે તેનું આ ઉપનામ છે તેમ 'આનંદઘન બહોંતેરી' માં 'આનંદઘન' ઉપનામ છે. આ રીતે જોતાં 'લાભાનંદ' એમની દીક્ષા અવસ્થાનું નામ છે અને 'આનંદઘન' ઉપનામ છે.

## શ્રી આનંદઘનજીની દીક્ષા તથા ગચ્છઃ-

૧. આનંદઘન એક અધ્યયન ડો. કુમારપાળ દેસાઇ પૃ. ૨૦





આનંદઘનજીએ દીક્ષા કયા ગચ્છમાં લીધી હતી તે વિષે વિવિધ મંતવ્યો છે. આચાર્ય બુદ્ધિસાગરજી નોંધે છે કે 'તેઓશ્રી એ તપાગચ્છમાં દીક્ષા અંગીકાર કરી હતી. અને તેમનું નામ લાભાનંદજી હતું.' [2]

આનંદઘનજીનું ચિત્ત વૈરાગ્ય અને અધ્યાત્મજ્ઞાનથી રંગાયેલું હતું તેઓશ્રી સ્વભાવે શાંત અને નિઃસ્પૃહ હશે. તેઓ મધ્યસ્થ દૃષ્ટિથી સત્યનો આદર કરવામાં સદાકાલ તત્પર રહેતા હશે. તેમણે શ્વેતાંબર અને દિગંબર માર્ગના અનેક શાસ્ત્રો વાચ્યાં હશે. તેઓ પોતાના ગુરુની જેમ તપાગચ્છની સમાચારી પ્રમાણે સાધુ ધર્મની આવશ્યકાદિ ક્રિયા કરતા હતા, પરંતુ ગચ્છભેદના વાદ-વિવાદોથી તેઓ દૂર રહેતા હતા તથા આત્મજ્ઞાનમાં મગ્ન રહેતા હતા. તેમણે જ અનંતનાથ ભગવાનના

સ્તવનમાં લખ્યું છે કેઃ

**ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં**
**તત્ત્વની વાત કરતાં ન લાજે.**
**ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકાં**
**મોહ નડીઆ કલિકાલ રાજે.**

શ્રી મોતીચંદ કાપડિયા લખે છે કે 'શ્રી આનંદઘનજી મહારાજનાં સંબંધમાં મને જે હકીકત મળી આવી તે પર વિચાર કરતાં તેઓએ દીક્ષા તપગચ્છમાં લીધી હોય એમ જણાય છે. તેમનાં કોઈ કોઈ પદો પર જ્ઞાનસાર નામના એક વૈરાગ્યવાસિત યતિએ ટબો પૂર્યો છે. ટબામાં લખે છે કે 'આનંદઘનજી સાધુ વેશે રહેતા હતા' સંપ્રદાયમાં ચાલી આવતી હકીકત પણ એ વાતની સાક્ષી પૂરે છે. તેઓએ તપગચ્છમાં દીક્ષા લીધી હતી એમ માનવાને ઘણાં કારણો મળી આવે છે. તેઓનો ઉપાધ્યાયજી યશોવિજયજી તથા પં. સત્યવિજયજી સાથે ઘણો સંબંધ હતો. તે સમયમાં તપગચ્છનું ખાસ કરીને મારવાડ તથા ગુજરાતમાં અસાધારણ પ્રભુત્વ જોતાં આનંદઘનજી જેવા ખપી જીવ તેનો આશ્રય લે તેમ ધારવું યોગ્ય છે.'

૧. આનંદઘન એક અધ્યયન ડો. કુમારપાળ દેસાઇ પૃ.ઃ ૧૫
૨. આનંદઘન પદ ભાવાર્થ. ભા. ૨ શ્રી બુદ્ધિસાગરજી મહારાજ પૃ.ઃ ૯

૧

## આનંદઘનજીની વિહારભૂમિઃ-

આનંદઘનજીએ કયા–કયા પ્રદેશમાં વિહાર કર્યો હશે તે જાણવા માટે નક્કર પુરાવા મળતા નથી. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા તેમની જન્મભૂમિ નક્કી કરવા માટે નીચેના મુદ્દાનો આધાર લે છેઃ

( ૧ ) મારવાડમાં તેઓશ્રી સંબંધી દંતકથાઓ.

( ૨ ) મેડતામાં તેઓના ઉપાશ્રયના નામથી ઓળખાતુ ખંડિયેર.

( ૩ ) પદોની કવચિત શુદ્ધ હિન્દુસ્તાની અને કવચિત મિશ્ર હિન્દી ભાષા.

( ૪ ) સ્તવનોની ભાષામાં અનેક મારવાડી હિન્દુસ્તાની શબ્દોનો છૂટથી ઉપયોગ.

( ૫ ) પદની ભાષામાં સાહજિક રૂપ, વિષયનું પ્રૌઢ દર્શન અને મજબૂત રીતે નિરૂપણ.

( ૬ ) સ્તવનોમાં મિશ્ર પ્રયોગ અને ખાસ વાક્ય પ્રયોગો.

( ૭ ) વાક્યાન્વય કરતાં મારવાડ અને ઉત્તર હિન્દ તરફ થતું સ્તવન ભાષાનું મંડાણ.

( ૮ ) ઉખાણા તથા ઘરગથ્થુ શબ્દોનો સ્તવનોમાં અલ્પ ઉપયોગ અને તેનું જ પદોમાં થયેલું સવિશેષ પ્રાગટય.

( ૯ ) સ્તવનોની ગુજરાતી ભાષામાં થયેલ અનેક લિંગ પ્રત્યયો.'[૧]

આ અનુમાનોને આધારે શ્રી મોતીચંદ કાપડિયા તેમનો જન્મ બુંદેલખંડમાં થયેલો ગણે છે. તે ઉપરાંત તેઓ માને છે કે આનંદઘનજી યાત્રા નિમિત્તે એકાદ વખત વિહાર કરીને ગુજરાતમાં આવ્યા હોય અને પાલનપુરમાં બે અથવા તેથી વધારે ચાર્તુમાસ કર્યા હોય.

'શ્રી અગરચંદજી નાહટાના મત પ્રમાણે આનંદઘનજીનો વિહાર બહુ લાંબો પ્રતીત થતો નથી. અંતિમ વર્ષમાં તેઓ નિશ્ચિત રીતે મેડતામાં

---

૧. આનંદઘનજીનાં પદો ભા. ૧ શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા. પૃ.: ૩૧

૧. આનંદઘનજીનાં પદો ભા. ૧ મોતીચંદ ગિરધરલાલ કાપડિયા. પૃ. :૬૩





રહ્યા હતા. શ્રી અગરચંદજી  નાહટા મેડતાને આનંદઘનજીની જન્મભૂમિ માને છે.'[૨]

'ડો. કુમારપાળ દેસાઇ અગરચંદ નાહટાના મતની સમીક્ષા કરતાં કહે છે, 'જો કે નિશ્ચિત પ્રમાણોને અભાવે આ બન્ને વિગતોનો સંપૂર્ણ સ્વીકાર કરવો મુશ્કેલ છે. પોતાની યોગદશાની મસ્તીમાં ડૂબેલા આ અધ્યાત્મયોગીની માહિતી મળતી જ નથી ત્યાં એમનો વિહાર લાંબો કે ટૂંકી તે કઈ રીતે કહી શકાય ?'[૩] તેમ છતાં ડો. કુમારપાળ દેસાઇ આનંદઘનજીનો વિહાર ગુજરાત, વ્રજપ્રદેશ અને રાજસ્થાનમાં થયો હોવાનું માને છે.

આનંદઘનજી આબુની ગુફાઓમાં રહ્યા હોવાના કારણે તેમની વિહારભૂમિ ગુજરાત તથા રાજસ્થાન હોવાનો વધારે સંભવ છે તેમના જીવનની ઘણી કિંવદન્તિઓ મેડતા સાથે સંકળાયેલી છે. તેથી રાજસ્થાન પણ તેઓની વિહારભૂમિ હોવી ઘટે છે.

## સત્યવિજયજી અને આનંદઘનજીઃ-

સત્તરમા સૈકામાં જૈનોમાં ઘણા વિદ્વાનો થયા હતા. કહેવાય છે કે આ સૈકામાં ફકત તપગચ્છમાં જ બાવન પંડિત થયા હતા. આપણાં ચરિત્ર નાયક અને તેઓશ્રીના વડીલ બંધુ પણ એ જ અરસામાં તથા બાવન પંડિતોમાં નામ પામેલા હતા, પરંતુ આ કાળમાં ધર્મમાં તથા ધર્મ માટે થતી ક્રિયાઓમાં ઘણો સડો પ્રવેશી ચૂક્યો હતો. સાધુઓમાં શિથિલતા આવી ગઈ હતી. તેમજ કુગુરુઓ અમૂલ્ય ધર્મને પૈસાથી વેચતા હતા. આવા ધર્મને નામે ચાલતા ધતીંગને તથા ક્રિયા શિથિલતાના દોષને ટાળવા પં. શ્રી સત્યવિજયજીએ ક્રિયા ઉદ્ધાર કર્યો હતો. શ્રી આત્મારામજી મહારાજ એમના 'જૈન તત્ત્વાદર્શ' પુસ્તકમાં લખે છે કેઃ–

**'श्री सत्यविजयजी गणिजी क्रियाका उद्धार करके आनंदघनजी के साथ बहुत वर्ष तक वनवास में रहे और बहुत**

---

२. योगीराज आनंदघनजी संबंधी कुछ ज्ञातव्य बाते पृ. ५ पत्रिका जैन १८ अकटूबर १९६६

૩. આનંદઘન જીવન અને કવન ડો. કુમારપાળ દેસાઇ પૃ. :૩૫

तपस्या के साथ योगाभ्यासादि भी किया।'[१]

'પં. સત્યવિજયજીના રાસમાં તેમના ક્રિયા ઉદ્ધારની વાતનું ચિત્ર નજરે પડે છે.' [૨] જુઓઃ–

શ્રી ગુરુચરણ નમી કરી, કર જોડી તે વારો રે
અનુમતિ જો મુજ દિયો, તો કરું ક્રિયા ઉદ્ધારો રે,
કાલ પ્રમાણે ખપ કરુ, દોષી હલકર દલેવારે.
તપ કરુ આલસ મૂકીને, માનવ ભવનું ફળ લેવા રે
ગુણવંત ગુરુ ઈણિ પરે કહે, યોગ્ય જાણીને સુવિચારો રે,
જિમ સુખ થાય તિમ કરો, નિજ સફળ અવતારો રે
ધર્મ મારગ દિપાવવા, પાંગરીઆ મુનિ એકાકી રે,
વિચરે ભારંડની પરે, શુદ્ધ સમયસું દિલ છાકી રે,
સહે પરિસહ આકરા, શોષે નિજ કોમળ કાયા રે,
ક્ષમતા સમતા આદરી, મેલી સહુ મમતા રે.

જ્યાં ઉદ્ધાર કરવા સત્યવિજયજીએ પોતાના ગુરુ વિજયસિંહ સૂરિની આજ્ઞા મેળવી હતી. ક્રિયા ઉદ્ધારની પ્રેરણા આપનાર ઉપાધ્યાય યશોવિજયજી હતા. આ અંગે મોહનલાલ દલીચંદ નોંધે છે, 'પં. સત્યવિજયજી ગણિ સંવેગી, સંયમી, ધ્યાની અને તપસ્વી હતા. તપાગચ્છમાં ક્રિયો ઉદ્ધાર કરીને સંવેગી માર્ગ પ્રવર્તાવવા તેઓ પ્રયત્નશીલ હતા, આત્મરંગી પં. સત્યવિજયજી ગણિએ ગચ્છનાયક ભટ્ટારક બનીને શાસન સેવા કરવાને બદલે ધ્યાન અને ત્યાગમાં મસ્ત રહેવાનું સ્વીકાર્યું.' [૧]

આનંદઘનજીએ સાંપ્રદાયિક મર્યાદાઓ ઓળંગીને નિજાનંદની મસ્તીમાં રમણા કરી, જ્યારે પં. સત્યવિજય ગણિએ તપ અને ત્યાગના સંવેગીપણાથી આત્મસાધના કરી, આનંદઘનજીમાં યોગીની ઉચ્ચભૂમિકા અને નિજાનંદની મસ્તી જોવા મળે છે. જ્યારે પં. સત્યવિજય ગણિમાં ક્રિયોદ્ધારની ભાવના અને સંવેગીપણાની ઉત્કટતા નજરે પડે છે. બંનેની પ્રવૃત્તિ પણ વિશેષતઃ અંતર્મુખ રહી છે. પ્રસિદ્ધિ કે પદવીની લાલસા તેમને સ્પર્શી શકી નથી. જ્ઞાન અને ધ્યાનમાં બંને ઉચ્ચભૂમિકાએ પહોંચેલા

१. जैन तत्त्वादर्श [ उत्तरार्ध ] श्री आत्मारामजी महाराज पृ. ५८१
૧. જૈન ઐતિહાસિક રાસમાળા શ્રી સત્યવિજયજી પૃ. :૪૧





હતા.'[૨]

આનંદઘનજીના સમયમાં જૈન સમાજમાં જુદાં જુદા ગચ્છો વચ્ચે અશાંતિ ફેલાયેલી હતી. તપાગચ્છમાં અણસુર અને દેવસુર વચ્ચે પક્ષભેદ હતો. સાગરગચ્છે પણ જોર પકડયું હતું. લુંકામત અને અન્ય મતો વચ્ચે વિરોધ ચાલતો હતો. આથી પરિસ્થિતિ અધ્યાત્મ યોગી આનંદઘનજીના હૃદયને હચમચાવી મૂકે એમાં નવાઈ નથી. કવિશ્રીની હૃદયની વેદના સહજતાથી વાચાનું રૂપ ધારણ કરે છે. તેઓ અનંતનાથજી ભગવાનના સ્તવનમાં કહે છે કેઃ–

ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં
તત્ત્વની વાત કરતાં જ લાજે
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં
મોહ નડીઆ કલિકાલ રાજે

કવિશ્રી ભલે કોઈપણ ગચ્છમાં દીક્ષિત થયા હોય, પરંતુ તેમની સાધના સાક્ષી પૂરે છે કે તેઓશ્રી અધ્યાત્મ માર્ગે આગળ વધ્યા પછી કોઇ ગચ્છ કે સંપ્રદાયના રહ્યા ન હતા. તેમનો બાહ્યવેશ ગમે તે ગચ્છનો હોય પરંતુ આત્મભાવોમાંથી ગચ્છ, પંથ વગેરે નીકળી ગયાં હતાં. તેઓશ્રી જ્યારે સમાજ વચ્ચે આવતા અને જુદા જુદા પંથ તથા ગચ્છમાં શિથિલતા નજરે પડતી ત્યારે તેમના દિલમાં અપાર વેદના થતી હતી. જેમ માનવ શરીરનાં એક એક અંગ અલગ કરતાં માનવ, માનવ નથી રહેતો, તેમ જૈન ધર્મના ગચ્છરૂપ અનેક ટુકડા થયેલા જોતાં આ મહાપુરુષે પોતાની વેદના વ્યક્ત કરી હતી.

## યશોવિજયજી અને આનંદઘનજીઃ-

એ જમાનામાં જૈન સમાજમાં મોટો પ્રમાણમાં શિથિલતા આવી ગઈ હતી. જેથી મતભેદ અને વિરોધનો વંટોળ વાઇ રહ્યો હતો. આનંદઘનજી મહારાજ અને ન્યાય વિશારદ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ આ કાળમાં વિદ્યમાન હતા. આ બન્ને મહાત્માઓનાં કાર્યાક્ષેત્ર તદ્દન જુદાં

૧. આનંદઘન એક અધ્યયન ડો. કુમારપાળ દેસાઇ પૃ.: ૨૦

જુદાં હતા.

શ્રી મોતીચંદ કાપડિયા નોંધે છે કેઃ 'એક મહાત્મા આત્મિક ઉન્નતિનો વિચાર કરનારા હતા તો બીજા પરોપકાર દ્વારા આત્માની પ્રગતિ સાધનારા યોગી હતા. એક કર્મયોગી હતા તો બીજા અયોગીના આરાધક હતા એકને દુનિયાની દરકાર નહોતી તો એક કોમની, શાસનની અને ગચ્છની સ્થિતિને લક્ષ્યમાં લઇ કામ કરનારા હતા. અને તેઓ એ ક્ષેત્રમાં અતિશય આગળ વધેલા હતા. આનંદઘનજીનો યોગ અને અધ્યાત્મદશા દૃષ્ટાંતરૂપ ગણાય છે તો યશોવિજયજી ઉપાધ્યાયની શાસન સેવા અનેક પ્રકારે ઉપકારી થઈ શકે છે.

શ્રી બુદ્ધિસાગર સૂરિજી લખે છે કેઃ– 'આગમોના જ્ઞાતા, જૈન શાસનનાં ધોરી પ્રભાવક શ્રી યશોવિજયજી આબુજી તરફ વિહાર કરતા હતા. તે કાળમાં શ્રી યશોવિજયજી સર્વ સાધુઓમાં બહુશ્રુત ગણાતા હતા. તેમણે સાંભળ્યું હતું કે શ્રી આનંદઘનજી અધ્યાત્મ જ્ઞાનમાં ઊંડા ઊતરી ગયા છે અને અધ્યાત્મ જ્ઞાનનો ઉપદેશ આપવામાં એક્કા છે.

કોઈક સમયે શ્રી યશોવિજયજી મેડતા શહેરમાં બિરાજતા હતા તેવા સમયે અવધૂત આનંદઘન સિદ્ધાંત પારગામી કુશળ એવા ઉપાધ્યાયજી પોતાના નજીકનાં પ્રદેશમાં વિચરી રહ્યા છે તે સાંભળી ઉપાધ્યાયને મળવા માટે એકાકી ચાલી નીકળ્યા. શ્રી યશોવિજયજી ગામનાં ઉપાશ્રયમાં પ્રવચન આપી રહ્યા હતા. સાધુઓ શ્રાવક–શ્રાવિકાઓ તથા યતિઓ એક ચિત્તે વ્યાખ્યાન સાંભળી રહ્યાં હતાં. અધ્યાત્મભાવોથી ભરેલી વાણી સહુ કોઇનાં હૃદયને પાણી–પાણી કરી રહી હતી. અને અધ્યાત્મરસ માનવ સમૂહ પી રહ્યો હતો. તેવા સમયે શ્રી આનંદઘનજી યતિઓ સાથે એક બાજુ બેસી ગયા અને વ્યાખ્યાન શ્રવણ કરવા લાગ્યા. તે સમયે શ્રી યશોવિજયજીની નજર યતિઓનાં સમૂહમાં બેઠેલા એક જીર્ણ વસ્ત્રધારી વૃદ્ધ સાધુ પર ગઈ. આ વ્યાખ્યાનમાં તેમને રસ ન પડયો તેવું લાગ્યું, તેથી તેમણે પૂછયું, 'હે વૃદ્ધ સાધુ ! તમે વ્યાખ્યાન બરાબર સાંભળ્યું ને ? આ અધ્યાત્મજ્ઞાનનાં વ્યાખ્યાનમાં તમને કાંઈ સમજણ પડી કે ?

આનંદઘનજી બોલ્યા, 'આપ તો અધ્યાત્મજ્ઞાનના વ્યાખ્યાનમાં શાસ્ત્રોથી ઉત્તમ દક્ષતા દાખવો છો. ' પછી યશોવિજયજી એ પોતે કહેલા





શ્લોક ઉપર જ પ્રવચન કરવા વિનંતી કરી, આનંદઘનજી ઉપાધ્યાયનાં અતિ આગ્રહથી પાટ પર બેસી તે જ શ્લોક પર વિવેચન કરવા લાગ્યા. ત્રણત્રણ કલાક વીતી ગયા તો પણ કોઈને ખ્યાલ ન રહ્યો. આનંદઘનજીની નાભિમાંથી તન્મય પણે પરિણામ પામીને જે શબ્દો નીકળતા હતા ને જે રસ રેલાતો હતો તેનું ઉપાધ્યાયજી બરાબર ધ્યાન રાખતા હતા. આ સમયે સહુ કોઈને આનંદઘનજીનાં સાચ આત્મદર્શનની ઝાંખી થઈ, ઉપાધ્યાયજીનાં દિલમાં આનંદઘનજી પ્રત્યે પૂજ્ય ભાવ પ્રગટયો.

બંનેએ પરસ્પર ગુણાનુરાગ ભરી જ્ઞાન ગોષ્ઠી કરી. ડો. કુમારપાળ દેસાઇ નોંધે છે કેઃ– 'આનંદઘનજી અને યશોવિજયજીનાં મેળાપનાં અનુસંધાનમાં કેટલીક દંતકથાઓ સાંપડે છે. આ મેળાપ કયાં થયો હતો તે વિશે મતભેદ છે. શ્રી બુદ્ધિસાગરજી આબુની કોઇ ગુફામાં થયો હોવાનું માને છે. આચાર્ય ક્ષિતિમોહન સેન, શ્રી મોતીચંદભાઈ કાપડિયા તથા ડો. વાસુદેવસિંહ આ મેળાપ મેડતા શહેરમાં અથવા એની નજીકના જંગલમાં થયો હોવાનું માને છે. કે યશોવિજયજી જ્યારે આબુપર્વત પર બીજીવાર આનંદઘનજીને મળવા ગયા ત્યારે આનંદાવેશમાં તેમણે અષ્ટપદીની રચના કરી. જ્યારે બીજા મત પ્રમાણે આ મેળાપ મેડતાની આજુબાજુનાં જંગલમાં થયો હતો અને રસ્તે ચાલતાં ચાલતાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ તાત્કાલિક ઉદ્‌ગાર રૂપ અષ્ટપદી બનાવી હતી.'[1]

અલબત્ત, એટલું તો સાચું છે કે ઉપાધ્યાય શ્રી યશોવિજયજીને અધ્યાત્મ માર્ગ તરફ પ્રયાણ કરાવવાનું કાર્ય આનંદઘનજીએ કર્યું હતું. યશોવિજયજી એમના એક પદમાં કહે છે તેનો સ્વીકાર કરતાં કહે છે,

'જસ કહે સોહી, આનંદઘન પાવત
અંતર જ્યોત જગાવે.'

આનંદઘનજીનાં મેળાપથી ઉપાધ્યાયજી અધ્યાત્મનાં રંગે રંગાયાને સાધના પંથે વિહરવા લાગ્યા. અધ્યાત્મની ગહનતામાં ઊંડા ઊતરતાં

આનંદઘન પદ સંગ્રહ ભાવાર્થ શ્રી બુદ્ધિસાગરજી મહારાજ પૃ : ૧૩૪ તૃતીય આવૃત્તિ.

૧. આનંદઘન જીવન અને કવન ડો. કુમારપાળ દેસાઇ પૃઃ ૪૫

અદ્‌ભુત આનંદની પ્રતીતિ તેઓ કરવા લાગ્યા. એ ભાવને વ્યક્ત કરતા તેઓ લખે છે કેઃ–

આનંદઘન કે સંગ સુજસ હી મિલે
તબ આનંદ સમ ભયો સુજસ
પારસ સંગ લોહા જો ફરસત
કંચન હોત કી તાકે કસ

આ અંગે શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ પોતાનો મત દર્શાવતાં લખે છે કેઃ– ‘શ્રી ઉપાધ્યાયજી મહારાજ જેવાને તેમના તરફ માન હોય અને એવા સમર્થ સંત પ્રત્યે આનંદઘનજી મહારાજની વાત્સલ્યતા હોય એ બંને સંભવિત છે. છતાં ઉપાધ્યાયજી મહારાજની અષ્ટપદી શ્રી આનંદઘનજી મહારાજની સ્તુતિરૂપ હોય એમ હજુ મારું મન કબૂલ કરતું નથી. પરંતુ આત્મારુપ આનંદઘનનાં જ કોઈ આધ્યાત્મિક સ્વરૂપોનું જ તેમાં મને વર્ણન ભાસે છે પછી શબ્દ શ્લેષથી કદાચ આનંદઘનજી મહારાજની સ્તુતિ હોય તો કોણ જાણે ? પણ મને હજુ એ ભાસ થતો નથી, છતાં જ્ઞાની પરમાત્મા જાણે.’[૧]

પરંતુ આ પ્રકારની શંકાને કોઈ સ્થાન નથી કારણ કે ઉપા. યશોવિજયજી પોતે જ પોતાના એક પદમાં લખે છે કેઃ–

કોઉ આનંદઘન છિદ્ર હી પેખત, જસરાય સંગ ચડી આયા
આનંદઘન આનંદરસ ઝીલત, દેખત હી જસ ગુણ ગાયા
જસ વિજય કહે આનંદઘન, હમ તુમ મિલે, હજૂર

આનંદઘન અને યશોવિજયજી મલ્યા હતા અને એક બીજાને રંગે રંગાયા હતા. આમ અધ્યાત્મયોગીએ કર્મયોગીને અધ્યાત્મમાર્ગ બતાવ્યો હતો.

મેડતા શહેર સાથે આનંદઘન મહારાજનો સંબંધ વિશેષ હશે એવું તેમનાં જીવનની દંતકથાઓ પરથી જણાય છે. એક દંતકથાઓ પરથી જણાય છે. એક દંતકથા એવી છે કે મેડતામાં એક મોટા શેઠ રહેતા હતા. તેઓ આનંદઘનજીને આગ્રહ કરી ચાતુર્માસ માટે લાવ્યા હતા. આનંદઘનજી ઉપાશ્રયમાં નિયમિત વ્યાખ્યાન આપતા, તેઓ લોકોમાં ખૂબ પ્રિય થઈ પડયા, ત્યાંના ઉપાશ્રયમાં એવો નિયમ હતો કે શેઠ આવે પછી જ વ્યાખ્યાન

૧. આનંદઘન ચોવીશી પ્ર. પ્રભુદાસ બેચરદાસ પારેખ પૃ. ૨૪





શરૂ થાય, આ રિવાજ વર્ષો થયાં ચાલ્યો આવતો હતો. તે આવે નહિ ત્યાં સુધી વ્યાખ્યાનની શરૂઆત થાયનહિ.

પરંતુ આનંદઘનજી તો એવા રિવાજને સ્વીકારે એવા નહોતા, એક દિવસ શેઠ સમયસર ન આવ્યા એટલે આનંદઘનજીએ કલ્પસૂત્રનું વ્યાખ્યાન શરૂ કર્યું. શેઠ આવ્યા અને જોયું કે વ્યાખ્યાન ચાલુ થઈ ગયું છે. તેથી તેઓ રોષમાં બોલ્યા, ‘મારા આવ્યા વિના વ્યાખ્યાન શરૂ કરનારા તમે કોણ ? કપડાં હું વહોરાવું છું અને ગૌચરી હું વહોરાવું છું. તમારે મારી રાહ તો જોવી હતી.’[૧]

આનંદઘનજી જરા પણ ગુસ્સે થયા વિના બોલ્યા, ‘ભાઈ ! અનાજ તો ખવાઈ ગયું છે. પણ લ્યો આ તમારાં કપડાં.’ એમ કહી વહોરાવેલાં કપડાં પાછાં આપી દીધાં અને ગુરુ આજ્ઞા લઈ તેમણે તે જ ઘડીએ ઉપાશ્રય છોડી દીધો. જતાં જતાં શેઠને કહેતા ગયા કે ‘હું તમારા જેવાનાં પ્રતિબંધથી મારું ચારિત્ર ખૂંટીએ લટકાવવા ઈચ્છતો નથી.’ આમ આનંદઘનજી એક નિઃસ્પૃહી, અનાસક્ત અને અપરિગ્રહી સંત હતા.

આમ મહાયોગી અને મહાકવિ એવા શ્રી આનંદઘનજીનાં જીવન વિશે વિધ પ્રકારની દંતકથાઓ પ્રચલિત બનેલી છે. એમાંની કેટલીક દંતકથાઓ સામાન્ય પ્રકારની છે, કેટલીક ચમત્કારયુક્ત છે તો કેટલીક માત્ર તર્ક કે અનુમાનના પ્રકારની છે કેટલીક દંતકથા એમના પદની પંકિત ઉપરથી સ્ફુરી હોય એ પ્રકારની છે. કેટલીક એક બીજાને મળતી આવે એવી છે, સંતોના જીવનની આસપાસ આવી દંતકથાઓ વણાઈ જાય એ સ્વાભાવિક છે.

## દેહોત્સર્ગઃ-

કવિશ્રી આનંદઘનજીનો દેહોત્સર્ગ ક્યાં અને ક્યારે થયો હતો. તે વિશે વિદ્વાનોમાં ભિન્ન મત પ્રવર્તે છે.

અષ્ટપદીમાં ઉપાધ્યાય યશોવિજયજીએ આનંદઘનજી પ્રત્યે અગાધ આદર પ્રગટ કર્યો છે. આથી આનંદઘનજી યશોવિજયજીથી ઉંમરમાં મોટા

૧. આનંદઘન પદ ભાવાર્થ. શ્રી બુદ્ધિસાગરજી મહારાજ. પૃ.:૧૫૫. વિ. સં. ૧૯૬૯

હશે એમ માનીને આચાર્ય ક્ષિતિમોહનસેન આનંદઘનજીનો જન્મ વિ. સં. ૧૬૧૫ માં દેહોત્સર્ગ વિ. સં. ૧૭૩૨ માં દર્શાવ છે પણ આ અનુમાન પ્રમાણભૂત નથી. [૧]

ડો. વાસુદેવસિંહ આનંદઘનજીનો દેહોત્સર્ગ ઉપાધ્યાય યશોવિજયજીનાં દેહોત્સર્ગ પછી વિ. સં. ૧૭૪૫ પછી થયેલા માને છે. [૨]

આનંદઘનજીનાં દેહોત્સર્ગ વિશે શ્રી પ્રભુદાસ પારેખ આનંદઘન ચોવીશીમાં નોંધે છે કેઃ– 'પ્રણામી સંપ્રદાયના સંસ્થાપક પ્રાણલાલજી મહારાજનાં જીવન ચારિત્રમાં લખેલું છે કે પ્રાણલાલજી મહારાજ મેડતામાં સં. ૧૭૩૧ માં ગયા હતા અને ત્યાં આનંદઘનજી ઉપનામધારી જૈન મુનિ લાભાનંદજીનો મેળાપ થયો હતો. અને તે જ વર્ષમાં તેમનો, કાળધર્મ થયો હતો. આ અગત્યની વાતો પ્રમાણભૂત લાગે છે. ' [૩]

વિ. સં. ૨૦૩૧ માં પ્રગટ થયેલી 'आनंदघन ग्रंथावली' માં અગરચંદજી નાહટા લખે છે કેઃ–

'प्राणानाथ संप्रदाय के 'निजानन्द चारित्र' से आनंदघनजीका स्वर्गवास संवत १७३१ में मेडतामें हुआ, यह निश्चित हो गया है! [१]

આ જ ગ્રંથમાં શ્રી મહતાબ ચંદ ખારૈડ 'શ્રી આનંદઘનજી કે જીવન પ્રસંગ' લેખમાં મૂળમાથી ઉદ્ધરણ આપીને લખે છે. :

'प्रणामी संप्रदाय के संस्थापक श्री प्राणलाल आनंदघनजीके समसामयिक थे, श्री प्राणलालजी एक समय सं। १७३१ से पूर्व मेडता गये थे! उनका मिलन और शास्त्रार्थ श्री आनंदघन से हुआ, जिसमें उनका [ आनंदघनजी ] पराभव होने से उन्होंने कुछ प्रयोग श्री प्राणलालजी पर किये किन्तु उससे उनका कुछ भी बिगाड़ नही हुआ! जब वे दुसरी बार मेडत गये तब आनंदघनजीका स्वर्गवास हो चुका था! ' [२]

१. जैन मरमी आनंदघनजीका काव्य क्षितिमोहनसेन 'वीणा' पृ। ५
२. अपभ्रंश और हीन्दी मैं जैन रहस्यवाद डो। वासुदेवसिंह पृ १०४ से १०६
૩. આનંદઘન ચોવીશી શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ પૃ. : ૧૯
१ आनंदघन ग्रंथावली संपादक – महताबचंद खारैड पृ। : ३१ प्रासंगिक वक्तव्य श्री अगरचंद नाहटा।





इस उदाहरण से यह स्पष्ट होय जाता है कि आनंदघनजी का स्वर्गवास सं। १७३१ में हुआ था तथा वे चमत्कारी योगी थे! ' [२]

શ્રી આનંદઘનજીનો સ્વર્ગવાસ સં. ૧૭૩૧ માં થયો હતો તેમાં કોઈ તર્કને સ્થાન નથી, પરંતુ મહતાબચંદ ખારૈડ નાં લખવા પ્રમાણે આનંદઘનજી પ્રાણલાલજી મહારાજથી પરાજિત થયા અને આનંદઘનજીએ પ્રાણનાથ ઉપર ચમત્કારી પ્રયોગ કર્યો. આ વાત યોગ્ય નથી. આનંદઘનજી જેવા આત્મજ્ઞાની સંતો આવો કોઈ પણ માર્ગ અપનાવે તે શ્રદ્ધામાં ન આવે તેવી વાત છે. વળી આવા જીવન ચરિત્રોમાં પોતાના સંપ્રદાયના સાધુઓની વિશેષતા બતાવવા આ પ્રમાણે લખતા હતા, અગરચંદજી નાહટા તથા મહતાબચંદ ખરૈડે જે હકીકત ટાંકી છે તે મૂળ કૃતિ સાથે મળતાં આવતાં નથી. પણ યશોવિજયજીની અષ્ટપદીનો આધાર લઈને 'આનંદઘન ગ્રંથાવલી' માં સ્વ. ઉમરખચંદ જરગડ અને મહેતાબચંદ ખારૈડ એમના જન્મ સંવતનું અનુમાન કરે છે. 'શ્રી મોતીચંદ કાપડિયા પણ આનંદઘનજીનો દેહોત્સર્ગ સમય વિ. સં. ૧૭૨૦ થી ૧૭૩૦ માં માને છે. ' [૧]

'પં. વિશ્વનાથ પ્રસાદ મિશ્ર આનંદઘનજીનો સમય વિ. સં. ૧૭૦૦ ની આસપાસ માને છે.'[૨] ત્યારે 'શ્રી અંબાશંકર નાગર વિ. સં. ૧૭૦૦ થી ૧૭૩૧ સુધીના સમયમાં તેઓ હયાત હતા એમ માને છે.'[૩] અને મોહનલાલ દલીચંદ દેસાઈ પણ વિ. સં. ૧૬૫૦ થી વિ. સં. ૧૭૧૦ સુધી તેઓ અવશ્ય વિધેમાન હશે તેમ માને છે.

આ બધા મંતવ્યો પરથી તારવી શકાય છે કે આનંદઘનજીની હયાતીનો સમય આસરે વિ. સં. ૧૬૬૦ થી વિ. સં. ૧૭૩૦ નો હતો. આથી વિશેષ તેમના જન્મ તથા મૃત્યુની કોઈ ચૌક્કસ તારીખ કે વર્ષ દર્શાવે તેવું પ્રમાણ ઉપલબ્ધ નથી.

મસ્તયોગી આનંદઘનજીનાં જીવન વિશે આધારભૂત માહિતી અત્યંત અલ્પ પ્રમાણમાં મળે છે. અલબત, તેમના જીવન વિશે કેટલીક દંતકથાઓ

૨. એજન પૃ : ૭૭
૧. શ્રી આનંદઘનજીનાં પદો ભા. ૧ મોતીચંદ ગિરધરલાલ કાપડિયા પૃ. : ૧૯
२. धनानंद कवित विश्वनाथ प्रसाद मिश्र भुमिका पृ। : १५
३. गुजरात के हिन्दी गौरव ग्रंथ श्री अंबाशंकर नागर पृ–३४

પ્રચલિત છે. તેમાં કેટલું તથ્ય રહેલું હશે એ કહી શકાય નહિ. ગત શતકમાં લોકોમાં પ્રચલિત એવી કેટલીક દંતકથાઓ શ્રી બુદ્ધિસાગરસૂરિ મહારાજે પોતાનાં 'શ્રી આનંદઘન પદ સંગ્રહ' માં સંગ્રહિત કરેલી છે. એ જમાનામાં સંતો વિશે દંતકથાઓ પ્રચલિત બન્યા વગર રહે નહિ, કારણ કે આધારભૂત ચરિત્રો લખવાની ત્યારે પ્રથા નહોતી. આ દંતકથાઓ આનંદઘનજીના અધ્યાત્મજીવનને સમજવામાં ઉપયોગી છે. એમાંની કોઇક દંતકથા તો એમના સર્જનની કોઇ એક કડી કે પદને આધારે રચાઇ હોય તેવું પણ લાગે છે. આવી ઉપલબ્ધ દંતકથાઓ અહીં સંક્ષેપમાં રજૂ કરી છે.

( ૧ ) શ્રી આનંદઘનજી મહારાજ આબુ પર્વત તથા મંડલાચલની ગુફાઓમાં, સિદ્ધાચલ તીર્થમાં, તળાજામાં, ગિરનારમાં, ઈડરમાં, તારંગમાં એમ કેટલાંક સ્થળોએ એકાંત સ્થાનમાં રહી ધ્યાન કરતા હતા. આબુ પર્વતની ગુફાઓમાં તે સમયે ઘણા યોગીઓ રહેતા હતા અને તેઓ વારંવાર આનંદઘનજીને મળતા હતા. શ્રી આનંદઘનજી તેમની સાથે સ્વાનુભવની વાતો કરતા, તત્ત્વનો વિચાર વિનિમય કરતા તથા સાપેક્ષા દૃષ્ટિએ વીતરાગ ધર્મનો ઉપદેશ આપી સહુ કોઈને આનંદરસમાં મગ્ન કરતા હતા.

કહેવાય છે કે શ્રી આનંદઘનજીની પાસે કેટલીક વખત સર્પ આવીને શાંત થઈને બેસી જતો. કોઇ વખત એમની ગુફા આગળ સિંહ આવીને શાન્ત બેસી રહેતો. આ બધો પ્રભાવ મસ્તયોગીની જીવદયાની ઉત્કટ ભાવનાનો છે. પવિત્ર પુરુષનો સંગ બીજાને પવિત્ર બનાવે છે. ઝેરી અને ક્રૂર પ્રાણીઓ સંત મહાત્માઓ પાસે નમ્ર અને સરલ બની જાય છે. સિંહની ગર્જના માત્રથી કાયર પુરુષોના હૃદય કંપી જાય તેવે વખતે આનંદઘનજી તો પર્વતની ટેકરી ઉપર ધ્યાનરૂઢ થઈ, દેહ તથા દુનિયાનું ભાન ભૂલી આત્માનંદમાં લીન રહેતા. ધ્યાન અને સમાધિના પરિણામે તેમનું સંકલ્પબળ સિદ્ધ થયું હતું. આત્મવિશુદ્ધિ થતાં કેટલીક લબ્ધિઓ તેમનામાં પ્રગટ થઈ હતી.

## ( ૨ ) સંકલ્પયોગે પેશાબથી સુવર્ણ–સિદ્ધિઃ–

આનંદઘનજીમાં કેટલીક ચમત્કારિક શક્તિ પ્રગટેલી હતી એમ તેમની





પાસે આવનારાઓને લાગતું હતું. કોઇ એક યોગી મહાત્માને શ્રી આનંદઘનજી સાથે મિત્રતા થઈ હતી. એ યોગી 'સુવર્ણસિદ્ધિ' કરવા અનેક પ્રયત્નો કરતા હતા. તે માટે તેમણે 'રસસિદ્ધિ' પ્રાપ્ત કરી હતી. તેમણે રસસિદ્ધિની એક શીશી આનંદઘનજીને ભેટ સ્વરૂપ પોતાના શિષ્ય સાથે મોકલી. એ સમયે આનંદઘનજી આબુની એક ટેકરીની શિલા ઉપર ધ્યાનારૂઢ થયા હતા. યોગીનો ચેલો રસની શીશી લઇ, આનંદઘનજી પાસે આવ્યો, જ્યારે શ્રી આનંદઘનજી ધ્યાન મુક્ત થયા ત્યારે પેલા ચેલાએ રસસિદ્ધિની શીશી તેમની આગળ ધરી અને કહ્યું કે 'અમારા ગુરુએ આપને માટે ભેટ સ્વરૂપ આ શીશી મોકલી છે.' આનંદઘનજીએ શીશી હાથમાં લીધી અને પત્થરની શિલા પર પછાડી ફોડી નાખી. તેમને આમ કરતાં જોઈને પેલો ચેલો ડઘાઇ ગયો. એનાથી રહેવાયું નહીં. રોષે ભરાઈ તેણે કહ્યું 'અરે શેવડા ! તું રસસિદ્ધિને શું જાણી શકે ? મારા ગુરુએ કેટલી બધી ઉગ્ર સાધના કરીને આ રસસિદ્ધિ તૈયાર કરી હતી અને તેં, તેને ઢોળી નાખી ? તું ખરેખર મૂઢ છે, ગમાર છે. ' આનંદઘનજી પેલા અજ્ઞાની ચેલાનું અયોગ્ય વચન સાંભળીને બોલ્યા, 'તારા ગુરુજી રસસિદ્ધિ વડે શું આત્મકલ્યાણ કરવા ધારે છે ? ' ચેલો બોલ્યો, 'રસસિદ્ધિ વડે પત્થરમાંથી સુવર્ણ બનાવી શકાય છે. આ ચમત્કારથી જગતને વશ કરી શકાય છે.' આનંદઘનજીએ કહ્યું, 'આત્મસાધનાની આગળ સુવર્ણસિદ્ધિ એ કોઈ મોટી વાત નથી.' ચેલો કહે, 'આત્માની મોટી વાતો કરનારા ઘણા છે, પણ આવી સિદ્ધિઓ મેળવનારા કોઈક જ વિરલા હોય છે.' આ શબ્દો સાંભળીને આનંદઘનજીને થયું કે ચેલાને કંઈક ચમત્કાર બતાવવો જોઈએ. તેમણે ઊઠીને પાસેના એક પથ્થરની ચાટ ઉપર પેશાબ કર્યો. તેથી પત્થરની ચાટ સોનાની થઈ ગઈ. એ જોઈ પેલો ચેલો આશ્ચર્યચકિત થઈ ગયો તે બોલ્યો, 'અહો ! જેના પેશાબમાં સુવર્ણસિદ્ધિ છે તેને રસસિદ્ધિનું શું કામ ? પોતાના પેશાબ વડે જો સુવર્ણ બનાવી શકાતું હોય તો તેમની યોગશક્તિ કેટલી વિશિષ્ટ હશે !'

## રાજા-રાણી દો મીલે, ઊસમેં આનંદઘન કું કયા ?

( ૩ ) શ્રી બુદ્ધિસાગરજી મહારાજે નોંધેલી એક દંતકથા આ પ્રમાણે

છેઃ કોઈ એક વખત શ્રી આનંદઘનજી મહારાજ મારવાડમાં વિચરતાં વિચરતાં જોધપુર પાસેના ડુંગરોની ગુફાઓમાં ધ્યાન ધરતા હતા. તેઓ પાસેના ગામડાંઓમાં ગૌચરી લેવા જતા હતા. જોધપુરના રાજાને અને તેની પટરાણીને ઘણા દિવસોથી અણબનાવ હતો. રાણીએ રાજાને વશ કરવા ઘણા ઉપાયો કર્યા પણ રાજા વશ થતા નહોતા. એ અરસામાં રાણીને કોઈકે કહ્યું કે ‘તમે મહાત્મા આનંદઘનજીનાં દર્શન કરો. જો તેમની કૃપા તમારા ઉપર થાય તો તમારા સર્વ કાર્ય સિદ્ધ થાય.’ રાણીના મનમાં આ વાત વસી ગઈ તે આનંદઘનજીના દર્શન કરવા ચાલી. આનંદઘનજીને જોઈને તે પ્રભાવિત થઈ. તે રોજ દર્શન કરવા જવા લાગી. એક દિવસ એકાંત જોઈ તેણે પોતાની વાત પ્રગટ કરી, તેણે કહ્યું, ‘હે ગુરુ ભગવંત ! મારા પર કૃપા કરો મને કોઇક મંત્ર આપો કે જેથી રાજાને હું મનાવી શકું, મારા ઉપર તેમનો પ્રેમ ફરી ચાલુ થાય.’ પરિસ્થિતિ સમજી જઈને આનંદઘનજીએ કહ્યું, ‘એક કાગળનો ટુકડો લાવો.’ રાણીએ કાગળનો ટુકડો આપ્યો. આનંદઘનજીએ તેમાં કોઇક મંત્ર જેવું લખ્યું. પછી તે કાગળનો ટુકડો માદળીઆમાં નાખ્યો અને એ માદળિયું રાણીને આપ્યું. રાણીએ તે માદળિયું ગળામાં પહેર્યું. તે દિવસથી રાજાની પ્રીતિ રાણીના ઉપર વધવા લાગી. રાજા રાણીને વશ થઇ ગયો. એક દિવસ અન્ય રાણીઓએ રાજાને કહ્યું કે ‘આપની પટ્ટરાણીએ તો યંત્ર કરાવી આપને વશ કર્યાં છે.’ આ વાત સાંભળી રાજા તપાસ કરાવવાના વિચાર પર આવ્યો. એક દિવસ રાજાએ કંઇક યુક્તિ કરી પટ્ટરાણીનું માદળિયું લઇ લીધું તેમાંથી પેલો યંત્ર કાઢી રાજા વાંચવા લાગ્યો પરંતુ એમાં લખ્યું હતું, ‘રાજા રાણી દો મિલે ઊસસે આનંદઘનજી કો કયા ? આ શબ્દોથી આશ્ચર્ય ચક્તિ થયેલા રાજાને આનંદઘનજીની ઉચ્ચ આત્મદશાનો ખ્યાલ આવ્યો.

## ( ૪ ) રાજાને પુત્ર-પ્રાપ્તિ:-

જોધપુરના રાજાને પુત્ર ન હતો તેના મનમાં પોતાની રાજગાદીના વારસદાર અંગે ઘણી ચિંતા રહેતી. કર્મચારીઓ જાણતા હતા કે રાજાને પુત્રની ચિંતા રહે છે. એક દિવસ પ્રધાનજી સાથે વાતચીત કરતાં કરતાં રાજાએ પોતાના મનમાં રહેલી ચિંતા પ્રગટ કરી. પ્રધાને કહ્યું ‘પુત્ર થવો





એ પૂર્વભવનાં કર્મ પર આધાર રાખે છે. છતાં પણ જૈન અવધૂત તરીકે પ્રસિદ્ધ એવા શ્રી આનંદઘનજી મહારાજ મહાયોગી ચમત્કારી પુરુષ છે. તેમની સેવા ભક્તિ કરવાથી લાભ થાય છે.’ પ્રધાનના આ કથન પર વિશ્વાસ મૂકીને રાજાએ આનંદઘનજી મહાત્માની સેવા ભક્તિ કરવાનો નિશ્ચય કર્યો. સાચા દિલથી તેમણે ઘણી સેવા કરી. એમ કહેવાય છે કે આ સેવા ભક્તિના પ્રતાપે રાજાની રાણીને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ.

## ( ૫ ) આનંદઘનજીની લઘુતા:-

રાજાઓના માન–સન્માનથી શ્રી આનંદઘનજી કદી પણ પ્રભાવિત થતા ન હતા. તેઓ પોતાની યોગ શક્તિની સ્વમુખે ક્યારેય વાત કરતા નહિ. મહાપુરુષો પોતાની પ્રશંસા સ્વમુખે કદી પણ કરે નહિ.

મેડતાનગરના રાજાએ પણ આનંદઘનજી મહારાજની સેવા ભક્તિ કરી હતી, આનંદઘનજીના પરિચયથી મેડતાના રાજાને જૈન ધર્મ પ્રત્યે રાગ થયો હતો. આનંદઘનજી પોતાની પૂજા કદી પણ ઈચ્છતા ન હતા. જૈન શાસનની સેવા કરનારાઓની તેઓ સદા પ્રશંસા કરતા હતા. [૧]

## ( ૫ ) આશા અને દંતકથા:-

કોઈ વખત આનંદઘનજી મારવાડનાં ગામોમાં વિહાર કરતા હતા. ત્યાં શ્વેતામ્બર સ્થાનકવાસી જૈનો તેમજ મૂર્તિપૂજક જૈનો વસતા હતા. તેમનામાં એવી વાત ફેલાઈ હતી કે આનંદઘનજી ગચ્છની સમાચારી બરાબર પાળતા નથી, સ્થાપનાચાર્યજી રાખતા નથી અને એકલા ફરે છે, તેઓ વ્યવહાર ભ્રષ્ટ થાય છે.

એક વખત શ્રી આનંદઘનજી અઠ્ઠમના પારણા માટે ભરબપોરે આહાર–પાણી વહોરવા નીકળ્યા. ગૃહસ્થોને ઘરે તેઓ આહાર–પાણી માટે ફર્યા. પરંતુ ગમે તે કારણે તેમને આહાર–પાણી મળ્યાં નહિ, તેથી આનંદઘનજી

---

આનંદઘન પદ સંગ્રહ ભાવાર્થ. શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ પૃ. ૧૫૨ થી ૧૫૪

૧. આનંદઘન પદ ભાવાર્થ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજ, પૃ. ૬૨

પાછા ફરી, ગામ બહાર આવ્યા, આહાર-પાણીની આશામાં લપટાયેલા પોતાના આત્માને ઉદ્દેશી હૃદયના ઉદ્ગાર દ્વારા તેઓ પોતાની જાતને સંબોધન કરવા લાગ્યા કેઃ-

'આશા ઔર ન કી કયા પીજે ( ૨ )
અવધૂ. જ્ઞાન સુધારસ પીજે,
ભટકત દ્વાર દ્વાર લોકન કે, કુકર આશા ધારી.'

આ વિચારોને અંતે તેઓ આત્મસમાધિમાં લય લીન થઈ ગયા.' [૨]

## ( ૭ ) ઉપકાર દૃષ્ટિઃ-

બીકાનેરમાં દિલ્હીના બાદશાહનો શાહજાદો એક વખત આવ્યો હતો. તે શાહજાદો હિન્દુ સાધુઓ અને યતિઓને સતાવતો હતો. એક વખત સાધુઓએ શ્રી આનંદઘનજીને કહ્યું કે 'બાદશાહનો શાહજાદો રસ્તામાં જતા-આવતા અમારી મશ્કરી કરે છે માટે કૃપા કરીને કંઈક બનતો ઉપાય કરો.'

આનંદઘનજી બીકાનેરની બહાર જ્યાં શાહજાદાનો મુકામ હતો તેની આસપાસ ફરવા લાગ્યા. પેલો શાહજાદો ઘોડા પર બેસીને ફરવા જતો હતો. સ્વભાવ પ્રમાણે તેણે મેલા-ઘેલા આ વૃદ્ધયતિની મશ્કરી કરી એ વખતે શ્રી આનંદઘનજી બોલ્યા કે 'બાદશાહકા બેટા ખડા રહે' આટલા શબ્દો બોલ્યા કે તરત પેલા શાહજાદાનો ઘોડો ત્યાં ઊભો રહી ગયો, શાહજાદાએ તેને ચલાવવા ચાબુક માર્યો પણ ઘોડો તસુમાત્ર પણ આગળ ચાલી શક્યો નહિં. શ્રી આનંદઘનજી તો ત્યાર પછી પોતાના સ્થળે ચાલ્યા ગયા. એટલામાં શાહજાદાના મિત્રો ત્યાં આવી પહોંચ્યા અને શું થયું તે પૂછયું. શાહજાદાએ કહ્યું કે 'હું બીજુ કાંઇ જાણતો નથી. પરંતુ એક સેવડા ( સાધુ ) ની મેં મશ્કરી કરી તેથી તેણે મને કહ્યું કે 'बादशाह का बेटा खडा रहे' આટલું બોલતાં ઘોડો ઊભો રહી ગયો.' શાહજાદાના મિત્રોના કહેવાથી બીકાનેરના મહારાજાએ તપાસ કરાવી ઘણા પ્રયાસને અંતે સમાચાર મળ્યા કે 'આ કામ તો શ્રી આનંદઘનજીનું લાગે છે માટે તેમની

૨. એજન પૃ. : ૬૩





પાસે જાઓ.'

રાજા વગેરે શોધ-ખોળ કરતાં કરતાં આનંદઘનજી મહારાજની પાસે આવ્યા અને આનંદઘનજી મહારાજને ઘણી આજીજી કરી. આનંદઘનજીએ કહ્યું કે बादशाह बेटा संत साधुओको सताता है और उनकी मश्करी करता है तो उसकी भी मश्करी होवें उसमें क्या आश्चर्य है ?

એ વાત જાણીને શાહજાદાએ વચન આપ્યું કે 'હું સાધુ સેવડાઓને સતાવીશ નહિ.' એટલે આનંદઘનજીએ શાહજાદાને કહેવરાવ્યું કે 'बादशाह का बेटा चलेगा' આ પ્રમાણે શાહજાદાને શબ્દો સંભળાવ્યા કે શાહજાદાનો ઘોડો ચાલવા લાગ્યો. શાહજાદો આવો ચમત્કાર જોઈ ખુશી થયો પછી તેણે આનંદઘનજીનાં દર્શન કર્યા, દર્શન કરીને તેણે મિત્રોને કહ્યું 'આનંદઘનજી તો ઓલીયા હૈ.'

( ૭ )-અ

'એક વખતા આનંદઘનજી મહારાજ મારવાડના કોઈ ગામમાં એક ગરીબ વણિકને ત્યાં કેટલાક દિવસ રહ્યા હતા. એક વખત તે વણિક બહુ ચિંતાતુર ચહેરે આનંદઘનજી પાસે આવીને બેઠો. છાતી ભરાઇ જવાથી તે રડવા લાગ્યો. આનંદઘનજીએ તેને રડવાનું કારણ પૂછયું. તેણે પોતાના દુઃખની વીતક કથા કહી સંભળાવી આનંદઘનજીએ એ વણિકને કહ્યું 'તારી પાસે લોઢું હોય તો લાવ' તેણે એક શેરીઓ ( શેરનું કાટલું ) લાવીને શ્રી આનંદઘનજીને આપ્યો વહેલી પ્રભાતે આનંદઘનજી કોઇને કહ્યા વગર વિહાર કરીને ચાલ્યા ગયા, પેલો વણિક આનંદઘનજીના ખંડમાં ગયો તો, ત્યાં આનંદઘનજી દેખાયા નહિ, પરંતુ તેઓ જ્યાં બેઠા હતા ત્યાં પોતાનો શેરીઓ દેખાયો. તે સુવર્ણનો થઈ ગયો હતો. તે વેચીને વણિકે બધું જ દેવું ચૂકવી દીધું અને ઘણું ધન પામી સુખી થઈ ગયો.' [૧]

## ( ૮ ) શિષ્ય કરો, નામ રહેશે

'એક વખત આનંદઘનજી મારવાડનાં કોઈ ગામમાં એકાંત સ્થાનમાં રહી, આત્મધ્યાન ધરતા હતા. તે ગામના શ્રાવકો તેમની પાસે અવારનવાર આવતા હતા. એક દિવસ ગામના શ્રાવકોએ વિનંતી કરી કે 'સાહેબ !

આપની પાછળ આપનું નામ રહે તે માટે એક શિષ્ય કરો, શિષ્ટ આપનું નામ રાખશે.'

આનંદઘનજીએ શ્રાવકોની વાત સાંભળીને પછી તેના ઉત્તર તરીકે હૃદયના ઉદ્‌ગારો કાઢતાં કહ્યું કે 'અવધૂ! નામ હમારા રાખે.[૧]

## ( ૯ ) વ્યાપાર-માણેકચોક

શ્રી આનંદઘનજી પાસે એક ગરીબ શ્રાવક આવતો હતો. તેના મનમા એવો વિચાર હતો કે આનંદઘનજી પોતાને વેપારમાં કોઇક ચમત્કાર બતાવે તો પોતે પોતાનું દેવું ચૂકવી દઈ શકે અને ધંધો કરીને સુખી થાય.

એક વખત શ્રી આનંદઘનજી એકાંતમાં બેઠા હતા, તે સમય તે શ્રાવકે નિખાલસતાથી પોતે સેવા કરે છે તેનો ઉદ્દેશ નિખાલસતાથી કહ્યો. શ્રાવકની વાત સાંભળીને આનંદઘનજીએ આત્માના ખરા વ્યાપારનું સ્વરૂપ સમજાવ્યું. આત્માની પાસે વ્યક્ત ધર્મની મૂળ રકમ થોડી છે અને કર્મરૂપ વ્યાજ ઘણું જ છે. આનંદઘનજીના મુખમાંથી તે વખતે નીચેની પંક્તિઓ સરી પડીઃ-

'મૂલડો થોડો, ભાઈ વ્યાજડો ઘણો રે,
કેમ કરી દીધો રે જાય. '

તેમણે શ્રાવકને અમદાવાદની માણેકચોક ને અંતરનાં માણેકચોકમાં ઉતારીને ત્યાં ધર્મની દુકાન માંડવાનો ઉપદેશ આપ્યો. પેલા ગરીબ શ્રાવક ઉપર આનંદઘનજીના ઉપદેશની સાચી અસર થઈ.

## ( ૧ ) શ્રીમદ્ આનંદઘનજી પર જૂઠો આરોપ

'શ્રી આનંદઘનજી મહારાજે કોઈ એક શેઠની સ્ત્રીને સતી થતાં વારી હતી. ત્યારથી તે સ્ત્રી આનંદઘનજી પાસે અભ્યાસ કરવા આવતી હતી. તે અધ્યાત્મજ્ઞાનનો અનુભવ પણ લેતી હતી. પરંતુ કેટલાક દોષ દૃષ્ટિ લોકોએ આનંદઘનજી વિશે એવી ખોટી અફવા ફેલાવી કે, આનંદઘનજીને તેની

---

આનંદઘન પદ ભાવાર્થ ભા. ૨ શ્રી બુદ્ધિસાગરજી મહારાજ પૃ.: ૧૪૩

૧. આનંદઘન પદ ભાવાર્થ ભા. ૨ શ્રી બુદ્ધિ સાગરજી મહારાજ પૃ.: ૧૨૧





સાથે સંબંધ છે, પરંતુ લોક સંજ્ઞાને જીતનાર આનંદઘનજી આવી અફવાથી જરા પણ અસ્વસ્થ થયા ન હતા, ઊલટાના તેઓ એથી વિશેષ ધ્યાનારૂઢ થયા હતા.'[૧]

## ( ૧૧ ) જવરને કપડામાં ઉતાર્યો.

શ્રી આનંદઘનજી મારવાડમાં વિચરતા હતા. કોઈ વખત જોધપુર રાજ્યમાં વિહાર કરતાં તેઓ કોઈ પર્વત પાસેના ગામની બહાર મંદિરમાં રહ્યા હતા, આ વાતની જોધપુરના રાજાને ખબર પડી. તેથી તેઓ આનંદઘનજી મહારાજનાં દર્શન કરવા આવ્યા. આનંદઘનજીનું શરીર એ વખતે તાવથી ઘણું જ ગરમ થઈ ગયું હતું તથા ધ્રુજી રહ્યું હતું. જોધપુરના રાજાના આવાગમનની વાત જાણીને આનંદઘનજીએ પોતાના તાવને કપડામાં ઉતારીને, તે કપડું દૂર મૂક્યું રાજા પધાર્યા ત્યારે તેઓ શાંત અને સ્વસ્થ ચિત્તે ઉપદેશ આપવા લાગ્યા. આત્માના ગુણોની પ્રાપ્તિ માટે જે જે ઉપાયો લેવા જોઈએ તે તેઓ રાજાને સમજાવવા લાગ્યા. ઉપદેશ પૂર્ણ થયા પછી, રાજાની દૃષ્ટિ કપડા પર પડી. કપડું ધ્રૂજતું હતું. રાજાને થયું કે આ કપડું કેમ ધ્રૂજતું હશે ? કાંઈ ન સમજાયું એટલે તેમણે આનંદઘનજીને તેનું કારણ પૂછ્યું. આનંદઘનજીએ કહ્યું કે, 'આ કપડામાં તાવનાં પુદ્‌ગલો છે રાજન ! તમારી સાથે ધર્મમાર્ગની ચર્ચા કરવી હતી, એટલે તાવને મેં શરીરમાંથી કપડામાં ઉતાર્યો અને કપડાને દૂર મૂક્યું, હવે હું તે કપડામાંથી તાવને પાછો શરીરમાં સ્થાપી દઈશ.'[૧]

## ( ૧૨ ) વચનસિદ્ધિ.

શ્રી આનંદઘનજી મહારાજ વિષે લોકોમાં એવી માન્યતા હતી કે તેમને વચનસિદ્ધિ પ્રગટ થઈ છે. જે મનુષ્ય ભાષા સમિતિનું સમ્યક્ પાલન કરે છે અને વચનગુપ્તિમાં વિશેષ કાળ રહે છે તેમજ નાભિ કમળમાં ધ્યાન ધરી પરાભાષામાં કલાકોના કલાકો પર્યંત લીન થઈ જાય છે તેને વચન સિદ્ધિ પ્રગટે છે.

---

૧. આનંદઘન પદ ભાવાર્થ ભા. ૨ શ્રી બુદ્ધિસાગરજી મહારાજ પૃ. : ૧૨૯.

## ( ૧૩ ) ચોવીશી સંબંધી કિંવદન્તી

'શ્રીમદ્ આનંદઘનજી કૃત સ્તવન–ચોવીશી સંબંધી એવી એક દંતકથા છે કે શ્રી આનંદઘનજી એક વખત શત્રુંજય ગિરિ ઉપર શ્રી જિનેશ્વર પરમાત્માના દર્શન કરવા ગયા હતા, તે વખતે યોગાનુયોગ શ્રી યશોવિજયજી તથા જ્ઞાનવિમલસૂરિ પણ યાત્રાર્થે ગિરિરાજ ઉપર જતા હતા. ગિરિરાજ ઉપર જઈ શ્રી આનંદઘનજી મહારાજ એક જિનમંદીરમાં ભાવ સ્તવના કરવામાં લીન બની ગયા, તે સમયે ઉપાધ્યાયશ્રી અને શ્રી જ્ઞાનવિમલસૂરિજી શ્રી આનંદઘનજીની જાણમાં ન આવે, એ રીતે ત્યાં બેસી ગયા અને સ્તવન સાંભળવા લાગ્યા.

શ્રી આનંદઘનજી મહારાજે પહેલા તીર્થંકરશ્રી ઋષભદેવ ભગવાનથી આરંભીને બાવીસમાં શ્રી નેમિનાથ ભગવાન સુધીના તીર્થંકરની સ્તવના કરી. પછી કોઈક કારણસર પ્રસંગ પામીને શ્રી આનંદઘનજીએ અચાનક પાછળ દૃષ્ટિ કરી તો શ્રી ઉપાધ્યાયજી અને જ્ઞાનવિમલસૂરિજીને જોયા. એથી ભાવની એકાગ્રતામાં વિક્ષેપ પડતાં શ્રી આનંદઘનજીના નાભિકમળમાંથી નીકળતા ભાવવાહી ઉભરાઓ સંકોચાઇ ગયા. શ્રી આનંદઘનજી તરત જ ઊભા થયા અને ત્યાંથી અન્યત્ર ચાલી નીકળ્યા એટલે શ્રી પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી ભગવાનના સ્તવનોની રચના અપૂર્ણ રહી.' [૧]

## ( ૧૪ ) ક્રિયોદ્ધારક શ્રી સત્યવિજયજી મહારાજનો આનંદઘન સાથે વિહાર

'પન્યાસ શ્રી સત્યવિજયજી મહારાજ આત્માર્થી પુરુષ હતા. તેઓ સાધુની ક્રિયાઓ કરવામાં પ્રયત્નશીલ રહેતા હતા. આનંદઘનજી સાથે તેઓ ઘણાં વર્ષ પર્યંત વનવાસમાં રહ્યા હતા. અને અધ્યાત્મજ્ઞાનીની સંગતિનો લાભ તેમણે લીધો હતો.

આ સંદર્ભમાં શ્રી આત્મારામજી મહારાજ પણ જણાવે છે કે શ્રી સત્યવિજયજીએ કેટલાંક વર્ષો સુધી આનંદઘનજીની સાથે વનમાં વાસ

૧. આનંદઘન પદ–ભાવાર્થ ભા. ૨ શ્રી બુદ્ધિસાગરજી મહારાજ પૃ.: ૬૦





કરીને ચારિત્ર પાળ્યું હતું. ક્રિયોદ્ધાર કરનારમાં ત્યાગ અને વૈરાગ્યનું ઘણું બળ હોવું જોઈએ. તો જ તે ક્રિયોદ્ધાર કરવા સમર્થ થાય છે.

શ્રી આનંદઘનજી મહારાજના પરિચયથી તેમનામાં આત્મબળ ખીલ્યું હતું. જૈન શાસનની પ્રભાવના કરનારાઓ ઉપર શ્રી આનંદઘનજી મહારાજનો કેટલો બધો રાગ હતો તે આ પ્રસંગ ઉપરથી જાણી શકાય છે.' [૨]

## ( ૧૫ ) સુવર્ણ સિદ્ધિની પ્રાપ્તિ માટે શ્રીમદ્ ઉપાધ્યાયજીનું આગમન.

'શ્રી યશોવિજયજી ઉપાધ્યાયના મનમાં એક દિવસ એવો વિચાર આવ્યો કે જો પોતાની પાસે સુવર્ણ–સિદ્ધિ હોય તો લાખો–કરોડો મનુષ્યને તેઓ જૈન બનાવવા સમર્થ બને. કારણ કે ધન વિના મનુષ્યોની ધર્મમાં શ્રદ્ધા, ભાવ, ભક્તિ, સ્થિર રહેતા નથી.

ઉપાધ્યાયજીના મનમાં એવો તર્ક થયો કે જો પોતે સુવર્ણ સિદ્ધિ ધરાવનાર શ્રી આનંદઘનજીની સેવા–ભક્તિ બહુમાન કરે તો તેઓ પાસેથી સુવર્ણ સિદ્ધિ મેળવી શકાય. આવા વિચારથી તેઓ શ્રી આનંદઘનજીની શોધ કરતા કરતા મેડતા આવ્યા. મેડતા પાસેના જંગલમાં આનંદઘનજી છે તેવો પત્તો લાગ્યો. એથી ઉપાધ્યાયજી જંગલમાં આનંદઘનજી પાસે પધાર્યા અને મેડતા નગરમાં પધારવાની તેમને વિજ્ઞપ્તિ કરી.

શ્રી આનંદઘનજીને શ્રી ઉપાધ્યાયજી ઉપર શુદ્ધ અંતઃકરણનો પ્રેમભાવ હતો. તેથી ઉપાધ્યાયના આગ્રહને વશ થઈ તેઓ તેમની સાથે વિહાર કરવા લાગ્યા, ચાલતાં ચાલતાં માર્ગમાં એક ઠેકાણે શ્રી આનંદઘનજી મહારાજ લઘુ નીત ( પેશાબ ) કરવા બેઠા અને તે સ્થાને તેઓ બેસી જ રહ્યા અને અંતરમાં ઊંડુ આત્મધ્યાન કરવા લાગ્યા.' [૧]

શ્રી આનંદઘનજી મહારાજને આ પ્રમાણે ઘણીવાર લાગી, છતાં પણ આનંદઘનજી તો ઊઠયા જ નહિ, તેથી ઉપાધ્યાયજી ને હસવું આવ્યું. આડું મુખ રાખી તેઓ હસ્યા તે સમયે શ્રી આનંદઘનજી પણ હસવા જેવું કરવા લાગ્યા, એ વખતે ઉપાધ્યાયજીના મનમાં વિચાર થયો કે કારણ વિના શ્રી

૧. આનંદઘન પદ ભાવાર્થ ભા. ૨ શ્રી બુદ્ધિસાગરજી મહારાજ પૃ.: ૭૯
૨. એજન પૃ. ૬૩–૬૪

આનંદઘનજીનું મુખ હસવા જેવું કેમ થયું ? તેથી તેમણે તે માટે શ્રી આનંદઘનજીને પૂછ્યું, પ્રત્યુત્તરમાં શ્રી આનંદઘનજી એ કહ્યું કે 'જેવી રીતે તમે હસ્યા તેવી રીતે હું હસ્યો.'

આ પ્રમાણેનું આનંદઘનજીનું વચન સાંભળીને ઉપાધ્યાયજી શરમાઈ ગયા. પછી ઉપાધ્યાયજીએ આનંદઘનને કહ્યું કે 'જૈન શાસનની મહાન પ્રભાવના થાય તે માટે સુવર્ણ સિદ્ધિની જરૂર છે સુવર્ણસિદ્ધિ આપની પાસે છે, તેથી આપ કૃપા કરો અને મને તે સુવર્ણ–સિદ્ધિ આપો.'

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની વિનંતી સાંભળીને શ્રી આનંદઘનજી કેટલોય સમય મૌન રહ્યા. છેવટે ગંભીર મુદ્રાથી તેમણે કહ્યું 'મારા મનમાં તમને સુવર્ણ સિદ્ધિ આપવાની ઈચ્છા હતી, પરંતુ તમે તે માટે માગણી કરી, એટલે તે તમને હવે મળે એમ નથી, કારણ કે જ્યાં યાચનાનો દોષ હોય ત્યાં આવી સિદ્ધિ પ્રગટી શકે નહિ.'

આ પ્રમાણે કહીને આનંદઘનજી મહારાજ વનગુફા તરફ ચાલ્યા ગયા. આ દંતકથા માન્યામાં આવે તેમ નથી, કારણ કે ઉપાધ્યાયજી જેવા જ્ઞાની મહાત્મા સુવર્ણસિદ્ધિની યાચના ક્યારેય કરે નહિ.

## ૧૬. આત્માની નિશાની

એક વખત શ્રી આનંદઘનજી મહારાજ બીકાનેર શહેરની બહાર સ્મશાન ભૂમિની નજીકના પ્રદેશમાં રહ્યા હતા. બીકાનેરમાં એ સમયે જુદા જુદા ગચ્છના સાધુઓ રહેતા હતા. એક વખત અન્ય દર્શનના કેટલાક પંડિત બ્રાહ્મણોના મનમાં એવો વિચાર આવ્યો કે જૈનોમાં આનંદઘનજી નામના એક યોગી છે. તે ગામની બહાર રહે છે આત્મજ્ઞાનમાં તે ઊંડા ઊતર્યા છે. તેઓ ઘણીવાર ધ્યાન સમાધિમાં રહે છે.

કેટલાક પંડિત બ્રાહ્મણો ભેગા થઈને શ્રીમદ્ આનંદઘન યોગીની પાસે આવ્યા, અવસર મેળવીને પંડિતોમાંથી એક પંડિતે પ્રશ્ન કર્યો ? 'યતિજી ! આપ આત્મજ્ઞાની છો તો આત્માની નિશાની શી છે તે જણાવશો, કારણ કે દરેક મતવાળા આત્માને જુદો જુદો માને છે.' તે વખતે શ્રી

૧: આનંદઘન પદ ભાવાર્થ ભા. ૨ શ્રી બુદ્ધિસાગરજી મહારાજ પૃ. : ૬૭–





આનંદઘનજીએ ઉત્તરમાં ગાયું કે:

'નિશાની કહા બતાવું રે, તેરો અલગ અગોચર રૂપ'
આ પદ તેમને સહજ સ્ફૂર્યું. તેનો ભાવાર્થ કહીને અનુભવ
બળે તેમણે પંડિતોને આત્મતત્ત્વની ઝાંખી કરાવી.

## (૧૭) રાજાની બે વિધવા પુત્રીઓને બોધ:

શ્રી આનંદઘનજી એક વખત મેડતા શહેરમાં ગયા હતા, ત્યાંના રાજાની બે પુત્રીઓ તે વખતે વિધવા થઈ હતી. તેથી તે બંને રાજકુમારીઓ હંમેશા રૂદન કર્યા કરતી હતી, રાજાએ ઘણા ઉપાયો કર્યા પણ પુત્રીઓનો શોક ઓછો થયો નહિ.

એક દિવસ લોકોના મુખેથી રાજાએ સાંભળ્યું હતું કે આનંદઘનજી મહારાજ એક સિદ્ધ પુરુષ છે. તે કોઈ પણ ઉપાયે પુત્રીઓના શોકને દૂર કરશે તેથી રાજાએ પોતાની બંને પુત્રીઓને આનંદઘનજીની પાસે મોકલી. આનંદઘનજી તેઓને આત્મારૂપી સ્વામીનું સ્વરૂપ સમજાવ્યું અને અસાર સંસારની ક્ષણભંગુરતા સમજાવી. આનંદઘનજીના મુખેથી વૈરાગ્યમય વાણીનું શ્રવણ કરવાથી રાજાની એ બંને પુત્રીઓનો શોક દૂર થયો હતો. ત્યાર પછી તે બંને પુત્રીઓ આનંદઘનજી પાસે વિશેષ ધર્મ–શ્રવણ કરવા લાગી. આ આધ્યાત્મિક ઉપદેશની એટલી અસર થઇ કે તેઓ ધર્મમાં લયલીન બની ગઈ, પરંતુ રાજાની બંને પુત્રીઓના પરિચયથી દુર્જન લોકોએ એવી ખોટી અફવા ફેલાવી કે આનંદઘનજીને તેમની સાથે સંબંધ છે. આ વાત સાંભળી એ બાબતનો નિશ્ચય કરવા રાજા એક દિવસ ગુપ્ત વેશે આનંદઘનજીની પાસે આવ્યા અને એમની દિનચર્યા જોવા લાગ્યા. આનંદઘનજીએ તે વખતે અદ્‌ભુત ઉપદેશ આપ્યો. વળી અગ્નિમાં પોતાના બે હાથ રાખ્યા છતાં દાઝતા નથી એવો અદ્‌ભુત ચમત્કાર બતાવ્યો. વિશુદ્ધ ચારિત્ર વિના આવું બને નહિ એટલે આ પ્રસંગ જોઈને લોકોના મનનો સંશય દૂર થયો.

## (૧૮) સતી થવા નીકળેલી સ્ત્રીને પ્રતિબોધ:-

'શ્રી આનંદઘનજી એક વખત વિહાર કરતાં મેડતાનગરમાં પધાર્યા,

ત્યાં એક શેઠની યુવાન પુત્રીનો પતિ મૃત્યુ પામ્યો અને તે વિધવા બની, તે પોતાના પતિ સાથે ચિતામાં બળી મરવા તૈયાર થઇ. એ દિવસોમાં સતી થવાનો રિવાજ ઘણો પ્રચલિત હતો. તેનામાં સત આવ્યું અને મેડતા ગામની બહાર સતીના વેશે નીકળી.

શ્રી આનંદઘનજી મહારાજ ત્યારે મેડતા નગરની બહાર સ્મશાન ભૂમિમાં કોઇ એક સ્થાનમાં ધ્યાનસ્થ હતા. સતી બનવા નીકળેલી શેઠની પુત્રી સ્મશાનમાં આનંદઘનજી પાસેથી પ્રસાર થઇ, ઘોંઘાટથી આનંદઘનજીના ધ્યાનમા ભંગ પડયો. એ સમયે કોઇએ શ્રી આનંદઘનજીને કહ્યું કે શેઠની પુત્રી સતી થવા જાય છે. શ્રી આનંદઘનજીએ તેને ઉપદેશ આપતા કહ્યું; બ્હેન તારો પ્રિયત્તમ તે તારા સ્વામીનું શરીર છે કે એના શરીરમાં રહેલો આત્મા છે? જો તું શરીરને સ્વામી માનીને ભેટવા જતી હોય તો તે અયુક્ત છે કારણ કે શરીર તો જડ છે અને ક્ષણ-વિનાશી છે શરીર કોઇનું થયું નથી અને થવાનું પણ નથી. શરીર સાત ધાતુનું બનેલું છે જેનો ઉત્પાદ છે તેનો નાશ છે.

આનંદઘનજીનાં આ ઉપદેશની અસર તેના ઉપર થઇ અને તેને સતી થવાનું માંડી વાળ્યું. સતી વિશેની આવી એક અન્ય દંતકથા થોડા ફેરફાર સાથે પ્રચલિત છે.' [૧]

આમ, આનંદઘનજીના જીવન વિશે આવી કેટલીક દંતકથાઓ પ્રચલિત છે. એમાં કેટલીક જાણીતી છે અને આનંદઘનજીના જીવન કવન સમજવામાં ચાવી રૂપ છે. કેટલીક દંતકથાઓ દેખીતી રીતે જ અસંભવિત લાગે છે. વળી અધ્યાત્મમાર્ગમાં તેનું કશું મૂલ્યુ જણાતું નથી.

---

૧. આનંદઘન પદ ભાવાર્થ ભા. ૨ શ્રી બુદ્ધિસાગરજી મહારાજ પૃ.: ૬૦